# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૪/૧૨/૨૦૧૮ ને શુક્રવારના રોજ સવારના ૧૧ : ૩૦ કલાકે મળેલ ૨૩૮ મી બેઠકની કાર્યવાહી નોંધ.

---

**બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.**

| | | | |
|---|---|---|---|
| ૧ | અધ્યક્ષશ્રી<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા.<br>વ<br>મ્યુનિસિપલ કમિશ્નર<br>વડોદરા મહાનગર પાલિકા<br>વડોદરા | : | અધ્યક્ષશ્રી |
| ૨ | અધ્યક્ષશ્રી<br>સ્થાયી સમિતિ,<br>વડોદરા મહાનગર પાલિકા ,<br>વડોદરા | : | સભ્યશ્રી |
| ૩ | પ્રમુખશ્રી<br>વડોદરા જીલ્લા પંચાયત<br>વડોદરા | : | સભ્યશ્રી |
| ૪ | પાદેશિક કમિશ્નરશ્રી<br>નગર પાલિકાઓ, વડોદરા | | સભ્યશ્રી |
| ૫ | મુખ્ય કારોબારી અધિકારીશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ,<br>વડોદરા | : | સભ્ય-સચિવશ્રી |

આજની બેઠકમાં મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજય વતી શ્રી ડી.એસ.પાઠક, નગર નિયોજકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન વિભાગ, ગુજરાત રાજય હાજર રહેલ હતા.

બેઠકમાં કરોમ થવાથી કાર્યસુચિ સાથેના નિયમિત મુધ્દા નં.૧ થી ૨૨ની નીચે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**મુધ્દા નંબર (૧) : સત્તામંડળની તા.૨૦/૦૯/૨૦૧૮ ની ૨૩૭ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.**

સત્તામંડળની તા.૨૦/૦૯/૨૦૧૮ ની ૨૩૭ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર નં.યુડીએ/મિટિંગ/૭૩૨/૨૦૧૮ તા.૦૪/૧૦/૨૦૧૮ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે, જે સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા ચર્ચા વિચારણા ના અંતે નીચે મુજબ ઠરાવવામા આવ્યુ.

**ઠરાવ ક્રમાંક ( ૨૫૩૬ )** : સત્તામંડળની તા.૨૦/૦૯/૨૦૧૮ ની ૨૩૭ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદદા નંબર (૨) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ની તા.૦૧/૦૫/૨૦૧૮ ની ૨૩૬ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની **તા.૦૧/૦૫/૨૦૧૮ ની ૨૩૬** મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક ( ૨૫૩૭ ) :** સત્તામંડળની **તા.૦૧/૦૫/૨૦૧૮ ની ૨૩૬** મી બેઠકમાં થયેલ ઠરાવોની વિગતો પર થયેલ અમલીકરણની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

મુદ્દા નંબર ( ૩ ) : વુડા વિસ્તારમાં મોજે બીલ ગ્રામ પંચાયત અને તલસટ ગ્રામ પંચાયત ને ઘન કચરા ના નિકાલ માટે ઈ-રીક્ષા આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તાર મોજે બીલ ગામ અને તલસટ ગામની આજુબાજુમાં ટી.પી. તથા નોન ટી.પી વિસ્તારમાં રહેણાંક વિકાસ થયેલ છે. મોજે બીલ વિસ્તારમાં બનેલ નગર રચના યોજનાઓ પૈકી બીલ ટી.પી. ૧ તથા સમીયાલા-બીલા-ભાયલી નં. ૫ માં વુડા ધ્વારા અમલીકરણ ભાગરૂપે ટી.પી.સ્કીમના રોડના પઝેશનો મેળવી કાર્પેટ રોડની અમલીકરણથી કામગીરી પુર્ણ કરેલ છે. આથી મોજે બીલ ગામ અને તલસટ ગામ ખુબ જ ઝડપી અને સુંદર વિકાસ થઈ રહેલ છે. અને આ ગામોની આજુબાજુ થયેલ વિકાસને કારણે ઘન-કચરાના નિકાલની સમસ્યા ઉપસ્થિત થયેલ છે. આ ઘન-કચરાના નિકાલ માટે ગ્રામ પંચાયતો પાસે પુરતા સાધનો ન હોવાને કારણે ઘન-કચરાના નિકાલ માટે બીલ ગ્રામ પંચાયત ધ્વારા ૪ ઈ-રીક્ષા અને તલસટ ગ્રામ પંચાયત ધ્વારા ૧ ઈ-રીક્ષા ફાળવી આપવાની રજુઆત ગ્રામ પંચાયત ઠરાવ સાથે વુડાને મળેલ છે. ઘન-કચરા નિકાલ માટે જેતે રહેવાસીઓ ધ્વારા પણ વારંવાર રજુઆત કરવામાં આવે છે. ઘન-કચરાના નિકાલ માટે અગાઉ વુડા બોર્ડ બેઠક ૨૩૭ ના ઠરાવ ક્રમાંક ૨૫૧૧ ના ઠરાવ થી વુડા ધ્વારા ભાયલી ગ્રામ પંચાયતને ૧૦ ઈ-રીક્ષા ફાળવી આપવા નિર્ણય કરેલ છે. જે મુજબ ૧ (એક) ઈ-રીક્ષા માટે રૂ. ૧,૫૮,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ અઠ્ઠાવન હજાર પુરા) ખર્ચ થાય તેમ છે. આથી બીલ ગ્રામ પંચાયત માટે ૪ ઈ-રીક્ષા માટે લગભગ રૂ. ૬,૩૨,૦૦૦/- (અંકે રૂપિયા છ લાખ બત્રીસ હજાર પુરા) અને તલસટ ગ્રામ પંચાયત માટે ૧ ઈ-રીક્ષા માટે લગભગ રૂ. ૧,૫૮,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ અઠ્ઠાવન હજાર પુરા) ખર્ચ થાય તેમ છે. આથી મોજે બીલ અને તલસટ ગ્રામ પંચાયત માટે ૫ ઈ-રીક્ષા માટે કુલ રૂ. ૭,૯૦,૦૦૦/- (અંકે રૂપિયા સાત લાખ નેવું હજાર પુરા) જેટલો ખર્ચ વુડા ધ્વારા કરવાનો થાય આ ઈ-રીક્ષા ઓની મરામત અને નિભાવણી ની કામગીરી બીલ ગ્રામ પંચાયત અને તલસટ ગ્રામ પંચાયત ધ્વારા કરવા માટે ખાતરી આપવામાં આવેલ છે. આથી રૂ. ૭,૯૦,૦૦૦/- (અંકે રૂપિયા સાત લાખ નેવું હજાર પુરા) ના ખર્ચે બીલ તથા તલસટ ગામની આજુબાજુ વસતા રહીશો માટે ઘન કચરાના નિકાલની સુવિધા માટે ૦૫ ઈ-રીક્ષા ખરીદી કરી સોંપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા કરવામાં આવી તથા ગ્રામપંચાયતો દ્વારા ઈ-રીક્ષાથી કચરો એકઠો કરી નિકાલ કરવાની તથા ઓપરેશન અને મેઈન્ટેનન્સની જવાબદારી સ્વીકારેલ હોઈ ઈ-રીક્ષા ખરીદી કરી આપવા થનાર ખર્ચની મંજુરી આપવા સર્વ સભ્યશ્રીઓની સર્વ સંમતી હતી. આથી તે પરત્વે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૫૩૮) : વુડા વિસ્તારમાં મોજે બીલ તથા તલસટમાં આવેલ ટીપી/નોનટીપી વિસ્તારના રોજબરોજના ઘનકચરાના નિકાલ માટે ૫ ઈ-રીક્ષા ખરીદી ૪ ઈ-રીક્ષા બિલ ગ્રામપંચાયતને તથા ૧ ઈ-રીક્ષા તલસટ ગ્રામપંચાયતને ફાળવવા તથા ઈ-રીક્ષાની મરામત અને જાળવણી ગ્રામપંચાયતો દ્વારા કરવામાં આવે તે અંગે જરૂરી કરાર કરી સોંપણી કરવાની કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

મુદ્દા નંબર ( ૪ ) : મોજે ઉંડેરા ગામની ડમ્પીંગ સાઈટ ઉપરથી ઉંડેરા ગ્રામ પંચાયત ધ્વારા કચરો ઉઠાવી વુડા ધ્વારા થનાર/થયેલ ખર્ચની મંજુરી આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં મોજે ઉંડેરા ગામ તથા આજુબાજુ થયેલ સોસાયટીઓના રહીશો ધ્વારા ઉત્પન્ન થતો ઘન-કચરો ઉંડેરા ગ્રામ પંચાયત ધ્વારા રે.સ.નં. ૫૯૪ વાળી જમીનમાં એકત્રીત કરવામાં આવે છે. આ ઘન-કચરાનો ઢગલો ઉંડેરા-કોયલી રાજય ધોરીમાર્ગ બાજુમાં ખુબ મોટો થયેલ હોઈ તથા રહેણાંક વિસ્તારની નજીક હોઈ સ્થાનિક લોકોના આરોગ્યને નુકશાન કર્તા હોવાથી ગ્રામ પંચાયત તથા સ્થાનિક લોકોની રજુઆત પરત્વે આ કચરો ગ્રામ પંચાયત ધ્વારા વડોદરા મહાનગરપાલિકાની અટલાદરા ડમ્પીંગ સાઈટ પર વહન કરી ઠાલવવામાં આવે તથા તે સાઈટ પર કાર્યરત બાયો રેમીડીયેશન પ્લાન્ટ પર સદર વેસ્ટની ટ્રીટમેન્ટ કરી તે માટે થતો ખર્ચ વુડા પાસેથી વસુલ કરવા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અને ચેરમેનશ્રી વુડા ધ્વારા નિર્ણય કરી અત્રે જણાવવામાં આવેલ હતુ. જે પરત્વે ઉંડેરા ગ્રામ પંચાયત ધ્વાર કચરો વહન કરી અટલાદરા ડમ્પીંગ સ્ટેશન ખાતે ઠાલવેલ છે તથા સાઈટ પર કચરાનું બાયો રેમીડીએશન કરવામાં આવેલ છે. અટલાદરા સાઈટ ઝીગ્મા ગ્લોબલ લીમીટેડ ધ્વારા બાયો રેમીડીયેશન વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતીના ઠરાવ અંક ૨૧૦/૧૮-૦૮-૧૭ થી મંજુર થયેલ ભાવ રૂ. ૮૮૭/-MT થી કરવામાં આવે છે. ઉંડેરા ગ્રામ પંચાયત ધ્વારા કચરો ટ્રાન્સપોર્ટ કરી ઘન-કચરાનો નિકાલ અટલાદરા સ્ટેશન ખાતે કરેલ છે. જેની રીસીપ્ટ વી.એમ.સી ધ્વારા વુડાને ઈ-મેલ ધ્વારા મોકલવામાં આવેલ છે. અત્યાર સુધી ઉંડેરા ગ્રામ પંચાયત ધ્વારા ઠાલવેલ ૧૩૦૦ મેટ્રીક ટન ઘન-કચરાની અટલાદરા સ્થિત રીમીડીએશન પ્લાન્ટ પર વેસ્ટ ટ્રીટમેન્ટ થયેલ છે. આથી કુલ ૧૩૦૦ મેટ્રીક ટન ઘન-કચરાના ૮૮૭/MT મુજબ કુલ રૂ. ૧૧,૫૩,૧૦૦ વેસ્ટ ટ્રીટમેન્ટ કરવાનો થયેલ ખર્ચ વી.એમ.સી ને ચુકવવાનો થશે આથી ઘન-કચરાના નિકાલ માટે થયેલ કાર્યવાહીને બહાલી આપવા તથા થનાર ખર્ચની મંજુરી અંગેનો મુદ્દો વુડા બોર્ડ સમક્ષ વિચારણા અર્થે તથા નિર્ણય અર્થે રજુ થતા ઉંડેરા ગ્રામ પંચાયત તથા આજુબાજુના રહેણાંક વિસ્તારનો ઉંડેરા રાજ્ય ધોરીમાર્ગ પર આવેલ સ.નં. ૫૯૪ માં એકઠો થયેલ હોવાના કારણે આજુબાજુના રહીશોની જાહેર સુખાકારીના પ્રશ્નોને ધ્યાને લઈ એકઠો થયેલ કચરો અટલાદરા ડમ્પીંગ સાઈટ પર પંચાયત દ્વારા વાહન કરવામાં આવેલ હતો. જેને વેસ્ટ ટ્રીટમેન્ટ માટે થનાર ખર્ચ વુડા દ્વારા કરવા અંગે સર્વસંમતી હતી. પરંતુ આ ખર્ચ ફક્ત એકવાર જ કરવાની શરતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાક ( ૨૫૩૯ ) : મોજે ઉંડેરા ગામનાં સ.નં. ૫૯૪ માં એકઠો થયેલ ઘનકચરો કે જે પંચાયત દ્વારા વહન કરી વી.એમ.સી.ની અટલાદરા ડમ્પીંગ સાઈટ પર ઠાલવેલ હતો. તે ૧૩૦૦ મેટ્રિકટન ઘનકચરાના વેસ્ટ ટ્રીટમેન્ટ માટે વી.એમ.સી.ને રૂ. ૧૧,૫૩,૧૦૦/- નો ખર્ચની ચુકવણી કરવા તથા આવો ખર્ચ ફક્ત એકવાર જ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નં. ( ૫ ): સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આર્થીક રીતે નબળા વર્ગના લોકો માટે **EWS-I** તથા **EWS-II** ના આવાસો માટે ટેન્ડર પ્રક્રિયા બાબત.

સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આર્થીક રીતે નબળા વર્ગના લોકો માટે ઈ.ડબલ્યુ.એસ તથા ઓછી આવક ધરાવતા લોકો માટે એલ.આઈ.જી ના આવાસો બનાવવાનું ગુજરાત હાઉસીંગ બોર્ડ, મહાનગર પાલીકાઓ, નગર પાલીકાઓ તથા સત્તા મંડળો ધ્વારા અમલીકરણ કરવામાં આવી રહેલ છે, તે પરત્વે વુડાને પણ આ યોજનાનું અમલીકરણ કરવા જણાવવામાં આવેલ. ઉકત યોજનાઓ અંતર્ગત દર વર્ષે ૩૦૦૦ આવાસો મુજબ આવતા પાંચ વર્ષ માટે અંદાજે ૧૫૦૦૦ આવાસો બનાવવાનું લક્ષ્યાંક આપેલ છે. સદર કામગીરી **PMC**, આર્કીટેકટ વિગેરેની નિમણુંક કરી કરાવવાનું વુડાની બોર્ડ બેઠક નં. ૨૨૦ ના ઠરાવ ક્રમાંક ૨૧૭૪ તા. ૩/૧૦/૨૦૧૩ થી ઠરાવવામાં આવેલ છે. તે અંગે પ્રથમ તબક્કામાં વર્ષ ૨૦૧૩-૧૪ તથા ૨૦૧૪-૧૫ માટે કુલ ૫૨૦ ઈ.ડબલ્યુ.એસ. આવાસો પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧ અને વેમાલી ટી.પી.સ્કીમ નં. ૧ ખાતે બાંધકામ પુર્ણ કરેલ છે તથા ૩૧૨ એલ.આઈ.જી-૧ અને ૨ આવાસો મુખ્યમંત્રી ગ્રુહ યોજના અંતર્ગત સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧ અને વેમાલી ટી.પી.સ્કીમ નં. ૧ ખાતે બાંધકામ પુર્ણ કરી કુલ ૮૩૨ (૫૨૦+૩૧૨) આવાસોના પઝેશન સોંપવાની કામગીરી પુર્ણ થયેલ છે. જયારે બીજા તબક્કામાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ ૨૦૨૮ ઈ.ડબલ્યુ.એસ-૧ અને ૨ આવાસોનું સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧ ના એફ.પી.નં. ૭૫ અને ૧૧૯ (ફેઝ-૨) અને ખટંબા બ્લોક નં. ૭૨/અ/પૈકી અને બ્લોક નં. ૭૭/પૈકી ખાતે બાંધકામ હાલ પ્રગતિમાં છે.

તા. ૨૭/૦૪/૨૦૧૮ ના માન.અગ્રસચિવશ્રી, શ.વિ. અને શ.ગ્રુહ.નિ.વિભાગ, ગાંધીનગરના પત્ર અન્વયે વુડાની અંતિમ મંજુર થયેલ ટી.પી.સ્કીમોમાં આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે અનામત રાખેલ રહેણાંક ફાઈનલ પ્લોટોમાં વર્ષ : ૨૦૧૮-૧૯ માં સરકારશ્રીના લક્ષ્યાંક હેઠળ ૨૫૦૦ ઈ.ડબલ્યુ.એસ- ૧ (ટાઈપ), ઈ.ડબલ્યુ.એસ (ટાઈપ) આવાસો બનાવવા માટે મળેલ સુચના પરત્વે ભાયલી ટી.પી.સ્કીમ નં. ૨ માં ફાઈનલ પ્લોટ નં. ૧૦૦, ૧૦૧ ભાયલી ટી.પી.સ્કીમ નં. ૩ માં ફાઈનલ પ્લોટ નં. ૧૧૧, ૧૧૪ ભાયલી ટી.પી.સ્કીમ નં. ૪ માં ફાઈનલ પ્લોટ નં. ૧૮૦ માં અને બીલ ટી.પી.સ્કીમ નં. ૧ માં ફાઈનલ પ્લોટ નં. ૩૮ માં ઈ.ડબલ્યુ.એસ-૧ અને ઈ.ડબલ્યુ.એસ-૨ ના આવાસો બનાવવાનું આયોજન કરેલ છે. જેમાં પ્લોટોની પસંદગીને વુડા બોર્ડ બેઠક ૨૩૭ ના ઠરાવ ક્રમાંક નં. ૨૫૦૭ ઠરાવ થી મંજુરી મળેલ છે. તથા થયેલ ઠરાવ મુજબ એ.એચ.એમ એમ્પેનલ્ડ **PMC** એજન્સીઓ પૈકી બે એજન્સી ધવલ એન્જીન્યર્સ અને જયેશ એ. દલાલ ને ડી.પી.આર બનાવવાની કામગીરી સોંપી ડી.પી.આર તૈયાર કરાવેલ છે. જેમાં કુલ ૬ પ્લોટોમાં એ.એચ.એમ એમ્પેનલ્ડ આર્કીટેકટ શ્રીમતી મમતા શાહ પાસે કરાવેલ પ્લાનીંગ પ્રમાણે કુલ ૨૧૮૨ આવાસોનું પ્લાનીંગ પરત્વે કુલ ૨૧૮૨ આવાસો બનાવવા માટે લગભગ રૂ. ૧૭૩,૨૫,૭૩,૦૧૨/- ખર્ચ થાય તેમ છે. તૈયાર થયેલ રૂ. ૧૭૩,૨૫,૭૩,૦૧૨/- ના અંદાજોને તા. ૩૦/૧૧/૨૦૧૨ ના રોજ વુડાની ટી.એસ. કમીટી ધ્વારા તાંત્રિક મંજુરી પણ આપેલ છે. તથા તે પરત્વે ડ્રાફટ ટેન્ડર પેપર્સ બનાવવાની કામગીરી હાથ ધરેલ છે. આથી પ્રધાનમંત્રી આવાસ યોજના બનાવવા માટે રોકવામાં આવેલ એમ્પેનલ્ડ આર્કીટેકટ તથા **PMC** ની નિમણુંકને બહાલી આપવા તથા થનાર અંદાજીત રૂ. ૧૭૩,૨૫,૭૩,૦૧૨/- ના ખર્ચને મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા કુલ ૬ પ્રોજેક્ટમાં એ.એચ.એમ. એમ્પેનલ્ડ કન્સલ્ટન્ટ મારફત ૧૭૩.૨૬ કરોડના ડી.પી.આર તૈયાર કરી સરકારને મંજુરી અર્થે પાઠવેલ હતા. તે સ્ટેટ લેવલ કમિટીએ મંજુર પણ કરેલ હોવાની બાબત વુડા બોર્ડનાં ધ્યાને મુકવામાં આવી તથા તે પરત્વે થનાર ખર્ચને મંજુરી આપવા તથા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવા અંગે સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાક(૨૫૪૦): પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આર્થીક રીતે નબળા વર્ગના લોકો માટે આવાસો બનાવવા માટે ડી.પી.આર તૈયાર કરાવી, ટેન્ડર પ્રક્રિયા કરી કામગીરીની દેખરેખ રાખવા સુધીની કામગીરી માટે એ.એચ.એમ. એમ્પેનલ્ડ એજન્સીઓ પૈકી બે એજન્સીને સોપેલ કામગીરીને બહાલી આપવા તથા કન્સલ્ટન્ટ દ્વારા તૈયાર કરેલ ડી.પી.આર. મુજબ ભાયલીની ૫ તથા બીલની ૧ મળી કુલ ૬ આવાસ યોજના માટે થનાર રૂ. ૧૭૩.૨૬ કરોડનાં ખર્ચને મંજુરી આપવા તથા આગળની ટેન્ડર પ્રક્રિયા કરી ઈજારદાર નક્કી કરવા સુધીની તમામ કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર (૬) :** મુસદ્દારૂપ મંજુર નગર રચના યોજના નં.૨ હરણી માં સમાવિષ્ય કેનાલની ઉપર ૩૦.૦૦ મીટરનો રોડ બનાવવા બાબત.

**મોજે હરણી માં મુસદ્દારૂપ મંજુર નગર રચના યોજના હરણી-૨ ની જમીનો સરકારશ્રી ધ્વારા ટી.પી.સ્કીમને મુસદ્દારૂપ મંજુર કરી ત્યારે વુડા હદમાં હતી. આ જમીનો પૈકી કેનાલની દક્ષિણ તરફની જમીનો વડોદરા મહાનગર સેવાસદનની હદમાં જતા નગર રચના યોજનાના પણ બે ભાગ થયેલ છે. જેમાં વિકાસ યોજના માં દર્શાવેલ વડોદરા મહાનગર પાલિકાની હદ મુજબ કેનાલની ઉતરે આવેલ રસ્તો વુડાની હદમાં આવે છે. જ્યારે ટી.પી.સ્કીમમાં થયેલ ભાગલા મુજબ ૩૦.૦૦ મીટરનો રસ્તો વડોદરા મહાનગર પાલિકાની ટી.પી.સ્કીમના ભાગમાં દર્શાવી સરકારશ્રીમાં પ્રિલિમનરી મંજુરી અર્થે પાઠવેલ છે. આ રસ્તાને એપ્રોચ ગણી વુડા ધ્વારા વિકાસ પરવાનગીઓ આપેલ છે. આથી રસ્તાની ઉતર તરફ બે શાળાઓ, રહેણાંક મકાનો તથા વાણિજય હેતુના બાંધકામ થયેલ છે. ૩૦.૦૦ મીટર રસ્તાની પોહળાઈ પૈકી જરૂરિયાત મુજબ જે તે ડેવલોપર્સ ધ્વારા અવરજવર થઈ શકે તે મુજબનો રોડ બનાવેલ હતો પરંતુ આ રસ્તો ચોમાસાને કારણે તથા વાહનોની અવરજવરને કારણે બગડી જતા મરામત થતી ન હોવાથી સ્થાનિક વપરાશ કર્તા ધ્વારા વુડામાં, વી.એમ.સીમાં, સરકારશ્રીમાં, પી.એમ. પોર્ટલ પર તથા જિલ્લા સ્વાગતમાં વારંવાર રજુઆત કરવામાં આવેલ હતી. ટી.પી.સ્કીમ મુજબ આ રસ્તો વી.એમ.સી માં હોવાથી વુડા ધ્વારા રસ્તો કરવામાં આવતો ન હોતો તથા વી.એમ.સી ની કોઈપણ જમીનને સદર રસ્તાથી એપ્રોચ મળતો ન હોવાથી તેઓ ધ્વારા પણ ખર્ચ કરવામાં પ્રશ્નો ઉપસ્થિત થઈ રહેલ હતા. આ સંજોગોમાં સ્થાનિક વપરાશ કર્તાઓની રસ્તાની હાલાકીને ધ્યાને લઈ તથા વુડાની જમીનોને જ આ રસ્તાથી એપ્રોચ મળતો હોવાની બાબત પરત્વે હરણી-દેણા રોડથી પશ્ચિમ તરફનો લગભગ ૭૨૦ મીટર લંબાઈનો આ રસ્તો વુડા ધ્વારા બનાવવા બાબત અંગેનો મુદ્દો વુડા બોર્ડ બેઠક નં. ૨૩૬ માં રજુ થતા ઠરાવ ક્રમાંક નં. ૨૫૨૨ થી રસ્તો વુડા ધ્વારા બનાવવા ડી.પી.આર તૈયાર કરવા વુડાની રસ્તાની એમ્પેનલ્ડ થયેલ એજન્સીને સોંપી ડી.પી.આર અને ટેન્ડર પ્રક્રિયા તૈયાર કરવા સુધીની કાર્યવાહી કરવા ઠરાવેલ છે. જે પરત્વે વુડાની એમ્પેનલ્ડ એજન્સી જયેશ એ. દલાલ ને કામગીરી સોંપતા તેઓ ધ્વારા સદર કામનો રૂ.૧,૦૧,૨૪,૨૭૩.૭૪/- નો ડી.પી.આર તૈયાર કરેલ છે. અંદાજોને વુડાની ટી.એસ કમીટી ધ્વારા તા. ૨૯/૧૧/૨૦૧૮ ના રોજ તાંત્રિક મંજુરી પણ આપવામાં આવેલ છે. અને તે મુજબ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરેલ છે. આથી મુસદ્દારૂપ મંજુર નગર રચના યોજના નં. ૨ હરણી માં કેનાલને સમાંતર ૩૦ મી. નો રોડ બનાવવા થનાર રૂ. ૧,૦૧,૨૪,૨૭૩.૭૪/- ના ખર્ચની મંજુરી અંગેનો મુદ્દો વુડા બોર્ડ બેઠક સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા ૭૨૦ મીટર લંબાઈનો રસ્તો બનાવવા માટે તૈયાર કરવામાં આવેલ ડી.પી.આર. ની વિગતો બોર્ડ બેઠક સમક્ષ રજુ કરવામાં આવી તથા તે અંગે થનાર રૂ.૧.૦૧ કરોડના ખર્ચને મંજુર કરી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.**

**<u>ઠરાવ ક્રમાક(૨૫૪૧) :</u> મુસદ્દારૂપ નગર રચના યોજના નં.-૨માં કેનાલને સમાંતર ૩૦ મીટરના ૭૨૦ મીટર લંબાઈના રસ્તાની કામગીરી માટે વુડા એમ્પેન્લડ કન્સલટન્ટ મારફત ડી.પી.આર. તૈયાર કરવાની કાર્યવાહીને બહાલી આપવા તથા રસ્તાની કામગીરીમાં થનાર રૂ. ૧.૦૧ કરોડ ખર્ચને મંજુરી આપવા તથા આગળની ટેન્ડર પ્રક્રિયાની કામગીરી હાથ ધરી ઈજારદાર નક્કી કરવાની કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.**

મુદ્દા નં. (૭): વુડા હદના ટી.પી. તથા નોન ટી.પી. માંના વિકસીત વિસ્તાર ખાતેની ગટરો ઉભરાવવાના પ્રશ્નનાં નિરાકરણ બાબતે વડોદરા મ્યુનિ. કોર્પોરેશનના સુપર સકર મશીન,જેટીંગ-ડીસીલ્ટીંગ મશીનથી કરાવેલ/કરાવવામાં આવનાર કામગીરી બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા ટી.પી. વિસ્તાર અને નોન- ટી.પી. વિસ્તારમાં આપવામાં આવેલ વિકાસ પરવાનગી અન્વયે રહેણાંક-વાણીજ્ય યોજનાઓનાં બાંધકામ થયેલ છે, આ યોજનામાં ડેવલોપર્સ-બિલ્ડર્સ ધ્વારા વપરાશકારોને નાખી આપેલ ડ્રેનેજ લાઈનો ઉભરાવવા બાબતે જુદા-જુદા વિસ્તારની વારંવાર રજુઆત મળે છે. તથા સરકારશ્રીમાં સીએમડેશબોર્ડ, પી.એમ.પોર્ટલ, શહેરી વિકાસ વિભાગ વિગેરેમાં પણ રજુઆતો કરવામાં આવે છે.

અગાઉ આ પ્રકારની રજુઆતો પરત્વે વડોદરા મહાનગરપાલિકા મારફત સુપર સક્કર મશીન, જેટીંગ–ડીસીલ્ટીંગ મશીનથી સાફ-સફાઈ કરાવી તે અંગેનું ચુકવણું વડોદરા મહાનગરપાલિકાને કરવામાં આવતુ હતુ. પરંતુ વુડા બોર્ડ બેઠક ૨૩૩ તા. ૧૨/૦૯/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક ૨૪૩૭ થી ભવિષ્યમાં વુડાના અલગ-અલગ વિસ્તારોમાં સુપર સક્કર મશીન, જેટીંગ–ડીસીલ્ટીંગ મશીનથી ડ્રેનેજની સાફ-સફાઈની સુવિધા ચાલુ ન રાખવા ઠરાવવામાં આવેલ હતું. પરંતુ અમુક વિસ્તારોમાં ગટર ઉભરાવવાના કારણે થતી રજુઆતો તથા રોગચાળો ફેલાવાની ભીતીને લઈ માનવતાના ધોરણે સાફ-સફાઈ કરવી જરૂરી હોવાનું જણાતા કામની અગત્યતા ધ્યાને રાખી ડ્રેનેજ સફાઈ માટે સુપર સક્કર મશીન, જેટીંગ-ડીસીલ્ટીંગ ફાળવવા માટે વડોદરા મહાનગર પાલિકાને જણાવવામાં આવે છે. જે પરત્વે અત્રેથી વડોદરા મહાનગરપાલિકા તરફથી ઓકટોમ્બર ૨૦૧૮ સુધીમાં કરાવેલ કામગીરી પરત્વે મળેલ રૂ. ૩,૫૭,૦૦૦/- ના બીલનું વુડા બોર્ડની મંજુરીની અપેક્ષાએ ચુકવણું કરવામાં આવેલ છે. વડોદરા મહાનગર પાલિકામાં પણ આવી ખૂબ ફરીયાદો રહેતી હોય સમયસર સુપર સકર મશીન ફાળવવામાં આવતુ નથી. વુડા ધ્વારા આવા મશીન ખરીદી કરી સુપર સક્કર મશીન તથા જેટીંગ-ડીસીલ્ટીંગ મશીનની વુડા વતી વડોદરા મહાનગર પાલિકા ધ્વારા ખરીદી તેને રાખવા માટેની જગ્યા તથા મરામત અને નિભાવની પ્રશ્નો હોવાથી તેઓના હવાલે રાખી વુડા તથા વી.એમ.સી વિસ્તારમાં ઉપયોગ લેવામાં આવે અને સુપર સક્કર મશીન, જેટીંગ-ડીસીલ્ટીં મશીનની ખરીદીનું ચુકવણું વુડા ધ્વારા કરવામાં આવે અને વુડાને જયારે જરૂરિયાત હોય ત્યારે પ્રાયોરીટીમાં વિનામૂલ્યે ફાળવણી કરવામાં આવે તથા મશીનની મરામત અને જાળવણી વડોદરા મહાનગર પાલિકા ધ્વારા કરવામાં આવે તેવુ આયોજન વિચારી વુડા બોર્ડની મંજુરીની અપેક્ષાએ વડોદરા મહાનગર પાલિકાને ખરીદી કરવા જણાવવામાં આવેલ છે.

ઉપરોકત વિગતે ડ્રેનેજની સાફ-સફાઈ અંગે વડોદરા મહાનગર પાલિકાને ચુકવેલ રૂ. ૩,૫૭,૦૦૦/- રકમ ને કાર્યવાહીને બહાલી આપવા તથા વુડા વતી વડોદરા મહાનગરપાલિકા ધ્વારા નવીન સુપર સક્કર મશીન, જેટીંગ-ડીસીલ્ટીં મશીનની ખરીદી કરવા થનાર ખર્ચને મંજુરી આપવા તથા ત્યાંસુધી વુડા વિસ્તારોમાં ડ્રેનેજની સાફ-સફાઈ માટે વડોદરા મહાનગરપાલિકા પાસે ભાડેથી સુપર સકર મશીન, જેટીંગ-ડીસીલ્ટીં મશીન ભાડે લેવા અંગેના મુદ્દાનો મુસદ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે થતા વુડાની આવાસ યોજનાઓમાં તથા ગોરવા ઊંડેરા રોડ પર પેટ્રોફિલ્સ ડ્રેનેજ લાઈન અર્થે જોડાયેલ સોસાયટીઓમાં ગટર/ખાળકુવા ઉભરાવવાની સમસ્યાને કારણે વારંવાર સાફ-સફાઈની જરૂરિયાત પડે છે. આથી વી.એમ.સી. મારફત થયેલ ખર્ચને બહાલી આપવા તથા આ સમસ્યાના નિરાકરણ માટે એક સુપર સકર મશીન વી.એમ.સી. મારફત ખરીદી કરાવી તે અંગે થનાર ખર્ચને મંજુર કરાવવા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાક (૨૫૪૨)** : વુડા વિસ્તારમાં ડ્રેનેજની સાફ-સફાઈ માટે વી.એમ.સી.ને ચૂકવેલ રૂ.૩,૫૭,૦૦૦/- નાં ખર્ચને બહાલી આપવા તથા વુડા વતી વડોદરા મહાનગર પાલિકા દ્વારા એક સુપર સક્કર મશીન, જેટીંગ ડીસીસ્ટિંગ મશીનની ખરીદી કરવા તથા ખરીદી થાય ત્યાં સુધી વી.એમ.સી. મારફત સાફ-સફાઈ કરાવવાના થતા ખર્ચને મંજુરી આપવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નંબર ( ૮ ) : વુડા વિસ્તારના અલગ-અલગ વિસ્તારમાં વડોદરા મહાનગર પાલિકા સાથે રહીને સંયુકત પ્રોજેકટની નવીન ડ્રેનેજ નેટવર્ક, વોટર સપ્લાઈ તથા એસ.ટી.પી. ના કામો કરવા બાબત.

વુડા વિસ્તારમાં વર્ષ ૨૦૦૩ બાદ વિકસીત વિસ્તાર પૈકી કોઈ વિસ્તાર વડોદરા મહાનગર પાલિકા માં ભળેલ નથી. આથી છેલ્લા ૧૫ વર્ષમાં વુડા વિસ્તારમાં વડોદરા મહાનગર પાલિકા ને હદને અડીને ખુબ વિકાસ થયેલ છે. જે તે ડેવલોપર્સ ધ્વારા રહેણાંક સ્કીમો માં પાણી માટે બોર તથા ડ્રેનેજ માટે ખાળકુવા બનાવેલ છે. પરંતુ આ વ્યવસ્થા કામચલાઉ અને ટૂકા ગાળાની હોઈ સ્થાનિક રહિશો ધ્વારા પાણી તથા ડ્રેનેજ ની કાયમી સુવિધા માટે વુડા કચેરી ઉપરાંત કલેકટર કચેરી, શહેરી વિકાસ વિભાગ, મુખ્યમંત્રીશ્રી કાર્યાલય તથા પી.એમ.પોર્ટલ પર વારંવાર રજુઆત થતી હોઈ મહત્તમ વિકસીત રહેણાંક વિસ્તાર ને આવરી લઈ વોટર સપ્લાય તથા અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ સીસ્ટમ અને જરૂરી સુવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ આયોજીત કરવા જેતે વિસ્તારનો સર્વે કરી એસ.ટી.પી માટે નક્કી થયેલ જમીન ધ્યાને રાખી કરવાની થતી કામગીરીના ડી.પી.આર બનાવી તે પરત્વે નિયત પ્રક્રિયાથી કોન્ટ્રાકટર્સ નક્કી કરી કામગીરી કરાવવાની થાય આ પ્રકારની કામગીરી માટે વુડામાં કોઈ અલગ વિભાગ કે મેન પાવર ન હોવાથી દરેક કામો પી.એમ.સી તથા ટી.પી.આઈ ધ્વારા કરાવવાની થાય છે. તેમ વુડા બોર્ડ બેઠક નં. ૨૩૭ માં રજુ કરવામાં આવેલ હતુ. ઠરાવ ક્રમાંક નં. ૨૫૨૧ મુજબ વુડા વિસ્તારમાં હાલ ચાલી રહેલ ડ્રેનેજ પ્રોજેકટ ઉપરાંત વિકસિત તમામ વિસ્તારને આવરી લઈ વડોદરા મહાનગર પાલિકા સાથે સંયુકત આયોજન કરી એસ.ટી.પી બનાવવા સહિતના ડ્રેનેજ પ્રોજેકટ તૈયાર કરવા ના ભાગ રૂપે વુડા ધ્વારા એસ.ટી.પી બનાવવા માટે તલસટ, તરસાલી, હરણી, વેમાલી, શેરખી/કોયલી તથા ભાયલીમાં જમીન ઉપલબ્ધ કરાવવા તથા વી.એમ.સી એમ્પેનલ્ડ કન્સલ્ટન્ટ મારફત ડ્રેનેજ પ્રોજેકટનું સંયુકત આયોજન કરાવી વી.એમ.સી અને વુડાની ભાગીદારીથી એસ.ટી.પી બનાવવાની કામગીરી વી.એમ.સી મારફત હાથ ધરવા તથા તે અંગે વી.એમ.સી સાથે સંકલન કરી આગળની કામગીરી કરવાનું ઠરાવવામાં આવેલ હતુ. જે પરત્વે અત્રેથી તા. ૨૭/૦૯/૨૦૧૮ ના પત્રથી આ પ્રકારની કામગીરીને અનુમોદન આપવા વડોદરા મહાનગરપાલિકા ને જણાવેલ.

વડોદરા મહાનગરપાલિકા તથા વુડા વિસ્તાર માટે ભવિષ્યમાં જરૂર જણાય તે મુજબ સંયુકત પણે નવિન એસ.ટી.પી., એમ.પી.એસ. બનાવવા તથા સુવરેજ નેટવર્ક નાંખવા અર્થે તા. ૦૪/૧૦/૨૦૧૮ ના રોજ મા. મેયરશ્રીના અધ્યક્ષ સ્થાને વડોદરા મહાનગરપાલિકા અને વુડાના અધિકારીઓ સાથે યોજવામાં આવેલ સંયુકત મીટીંગ માં નીચે મુજબ નિતીવિષયક થયેલ છે.

૧) જમીનનો ખર્ચ :-

વડોદરા મહાનગરપાલિકા ધ્વારા વડોદરા મહાનગરપાલિકા વિસ્તારમાં જમીન ફાળવવામાં આવે તો વડોદરા મહાનગરપાલિકાએ જમીનની કિંમતનો ખર્ચ ભોગવવાનો રહેશે અને જો વુડા ધ્વારા વુડા વિસ્તારમાં જમીન ફાળવવામાં આવે તો વુડાએ જમીનની કિંમતનો ખર્ચ ભોગવવાનો રહેશે.

૨) એસ.ટી.પી. બનાવવાનો, કોમન લાઈનનો તથા સંસ્થાના પોતાના નેટવર્કનો ખર્ચ :-

- એસ.ટી.પી બનાવવાનો ખર્ચ તથા નેટવ્રક માટે કોમન લાઈન કે જે લાઈનના નેટવર્કમાં VMC તથા VUDA બન્નેનું સુવેજ વહેતું હશે તે લાઈન નાંખવાની થશે તેના ખર્ચ સહિત તમામ ખર્ચ બન્ને સંસ્થા ધ્વારા ૫૦-૫૦% શેરીંગ બેઝીસ મુજબ કરવાનો/વહેંચવાનો રહેશે.
- સરકારી ગ્રાન્ટ પેટે કોઈ કામ કરવાનું હોય ત્યારે વડોદરા મહાનગરપાલિકાને જે ફાળો ભોગવવાનો થશે તેના ૫૦-૫૦% શેરીંગ બેઝીસ રકમ બન્ને સંસ્થાઓએ ભોગવવાની રહેશે.
- મહાનગરપાલિકા અને વુદા ધ્વારા પોતાના નેટવર્કની જરૂરિયાત મુજબની કામગીરી તથા તેના મેન્ટેનન્સની કામગીરે પોતાના ખર્ચે કરવાની રહેશે.

(પાછળ)

૩) ઓ.એન્ડ.એમ :-

૫૦-૫૦% શેરીંગ બેઝીસ મુજબ શેરીંગ બેઝીસથી મહાનગરપાલિકા તથા વુડા વચ્ચે એસ.ટી.પી., એમ.પી.એસ., એ.પી.એસ. તથા કોમન લાઈનના ઓ.એન્ડ એમ. ખર્ચની વહેંચણી કરવાની રહેશે.

તદઉપરાંત કપુરાઈ ખાતે બની રહેલ ૬૦ એમ.એલ.ડી, એસ.ટી.પી. માં વુડા વિસ્તારના સુવેજને લેવા માટેના આયોજનને પણ ઉપરોકત બાબત લાગુ પાડવાની રહેશે. તેમ નક્કી કરવામાં આવેલ હતુ. જે પરત્વેની દરખાસ્ત વડોદરા મહાનગર પાલિકા ધ્વારા સ્થાયી સમિતિમાં રજુ કરતા સ્થાયી સમિતિ ધ્વારા સ્થાયી સમિતિના ઠરાવ અંક : ૨૩૩/તા. ૧૧/૧૦/૨૦૧૮ સામાન્ય સભાને ભલામણ કરવામાં આવેલ છે. તથા ઉકત બાબત વડોદરા મહાનગરપાલિકાની સામાન્ય સભામાં રજુ થતા ઠરાવ અંક ૧૩૪ તા. ૨૬/૧૦/૨૦૧૮ થી મંજુરી પણ આપવામાં આવેલ છે. આમ વુડા તથા વડોદરા મહાનગરપાલિકાની ડ્રેનેજ નેટવર્ક તથા એસ.ટી.પી ના કામો કરવા સંયુકત કામગીરી માટે નક્કી થયેલ ઉકત નિતીવિષયક નિર્ણય ને બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા અર્થે રજુ થતા નક્કી થયેલ નીતિ મુજબની વિગતો વુડા બોર્ડનાં સભ્યશ્રીઓ દ્વારા ધ્યાને લઈ વિગતવાર ચર્ચા કરવામાં આવી તથા તે અંગે થયેલ નીતિ વિષયક નિર્ણયને બહાલી આપવા સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાક ( ૨૫૪૩ )**: વુડા તથા વડોદરા મહાનગર પાલિકા સાથે રહીને સંયુક્ત પ્રોજેક્ટ કરી નવીન ડ્રેનેજ નેટવર્ક, એસ.ટી.પીનાં કામો કરવા નક્કી કરવામાં આવેલ નીતિને વી.એમ.સી.ની સ્થાયી સમિતિ તથા સમગ્ર સભા દ્વારા મંજુરી આપેલ છે. જે નીતિ મુજબ કરાવવાની થતી કાર્યવાહી માટે થયેલ નિર્ણયને બહાલી આપવા તથા આ અંગે આગળની થતી કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નંબર ( ૯ ) : ભાયલી ટી.પી.સ્કીમ નં. ૫ થી સમિયાલા તળાવ સુધી જતી કાંસ ને પાકી કાંસ અને બીલ ગામથી અધુરી મુકેલ પાકી કાંસને ૨૧૦ મી. સુધી બનાવવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા ભાયલી ટી.પી.સ્કીમ નં. ૧ થી ૫ માં ડ્રેનેજ તથા રસ્તા બનાવવાની કામગીરી જેમ જેમ જમીનના પઝેશન મળે તેમ તેમ પુર્ણ કરવામાં આવેલ છે, અને જે જમીન ના પઝેશન મળયા નથી તેની કામગીરી બાકી છે. તદઉપરાંત ભાયલી ટી.પી.સ્કીમ નં.૫ માં ભાયલી ટી.પી.સ્કીમ નં. ૧ થી ૫ ના ડ્રેનેજ નેટવર્કના મલીનજળ ને શુધ્ધ કરવા માટે એસ.ટી.પી બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. ભાયલી ટી.પી.સ્કીમ નં. ૫ માં બની રહેલ એસ.ટી.પી માં મલીનજળના શુધ્ધીકરણ બાદ શુધ્ધ કરેલ પાણીનો નિકાલ હાલની હયાત ભાયલી થી સમિયાલા તરફ જતી કાચી કાંસમાં કરવાનો થતો હોવાથી ભવિષ્યમાં મલીનજળના નિકાલમાં અવરોધ ન આવે તે માટે હયાત કાંસને રીસેકસનીંગ કરી કાંસની બન્ને સાઈડની દિવાલો પાક્કી કરવી જરૂરી હોવાથી તથા ભાયલી ટી.પી.સ્કીમ નં. ૫ થી સમિયાલા તળાવ સુધી ના કાંસ ને પાકો કાંસ બનાવવો અને બીલ ગામ ખાતેનો અધુરો રહેલ ૨૧૦ મીટરના કાચા કાંસને રીએકશનીંગ કરી પાકો કાંસ કરવાની વુડા બોર્ડ બેઠક ૨૩૭ ના ઠરાવ ક્રમાંક નં. ૨૫૧૩ ના ઠરાવથી સૈધ્ધાંતિક મંજુરી મળેલ છે. તથા થયેલ ઠરાવ પરત્વે વુડાના એમ્પેનલ્ડ એજન્સી જયેશ એ. દલાલ ને ડી.પી.આર બનાવવાની કામગીરી સોંપી ડી.પી.આર તૈયાર કરાવેલ છે. જે પરત્વે કન્સલટન્ટ ધ્વારા ભાયલી કાંસ ને સમિયાલા સુધી પાકી કરવા માટે અંદાજીત રૂ. ૨૨.૫ કરોડ અને બીલ ગામ ખાતે ૨૧૦ મીટર કાચા કાંસને પાકો કરવા અંદાજીત રૂ, ૧.૯૩ કરોડ ના અંદાજીત ખર્ચના ડી.પી.આર રજુ થયેલ છે. આથી બન્ને કામગીરી માટે થનાર અંદાજીત <u>રૂ. ૨૪.૪૩ કરોડ</u> ના ખર્ચની મંજુરી આપવા અંગે તથા ત્યારબાદ તાંત્રીક મંજુરી મેળવી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાની મંજુરી માટેનો મુદ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે થતા ભાયલી ગામથી સમીયાલા સુધીનાં કાંસને તથા બીલ ગામ સુધીના અધૂરા કાંસને તળિયા સહિતની પાકી દિવાલો કરી પાકો કાંસ કરવા માટે તૈયાર કરેલ અનુક્રમે રૂ. ૨૨.૫ કરોડ તથા ૧.૯૩ કરોડના ડી.પી.આરની વિગતવાર ચર્ચા કરવામાં આવી તથા બન્ને કાંસ માટે થનાર કુલ ૨૪.૪૩ કરોડના કામને મંજુરી આપવા તથા આગળની કાર્યવાહી કરવાની થતી તાંત્રિક મંજુરીની તથા ટેન્ડર પ્રક્રિયાની કામગીરી હાથ ધરવા સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**<u>ઠરાવ ક્રમાક( ૨૫૪૪ )</u>**: ભાયલી ગામથી સમીયાલા તળાવ સુધીના કાંસને પાકો કરવા માટે થનાર રૂ. ૨૨.૫ કરોડનો ખર્ચ તથા બીલ ગામ સુધીના અધૂરા કાંસને પાકો કરવા માટે થનાર રૂ. ૧.૯૩ કરોડના ખર્ચને મંજુરી આપવા તથા અંદાજપત્રકની તાંત્રિક મંજુરી મેળવી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોંપવા ઠરાવવામાં આવ્યું.

**મુધ્દા નંબર : (૧૦)** દીનદયાળનગર (વિભાગ-૩) ગોત્રી , વડોદરામાં વુડા ધ્વારા નિર્માણ થયેલ પ્રાથમિક શાળામાં મકાન માધવ શિક્ષણ સેવા ટ્રસ્ટ, પાદરાને "વિધાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન" ને આપવા બાબત.

માનનીય મુખ્યમંત્રીશ્રીના ૧૫ મુધ્દાની કાર્યક્રમ અંતર્ગત મોજે ગોત્રી ખાતે વુડાની માલિકીની જમીનમાં ત્રણ ઈ.ડબલ્યુ.એસ. આવાસ યોજનામાં કુલ ૧૫૨૨ આવાસો બનાવવામાં આવેલ છે. સદર આવાસોના લાભાર્થીઓના બાળકોને નજીકમાં પ્રાથમિક શિક્ષણ મળી રહે તે હેતુથી ૮૦૬ ઈ.ડબલ્યુ.એસ. આવાસ યોજના સાથે સ્કુલ બિલ્ડીંગનું નિર્માણ કરવામાં આવેલ છે.

સદર સ્કુલ બિલ્ડીંગના નિકાલ માટે સત્તામંડળની તા.૧૬-૦૫-૨૦૦૮ ની ૨૦૦ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક-૧૯૦૯ થી ઠરાવ્યા અનુસાર સદર સ્કુલ બિલ્ડીંગ શહેરી ગરીબ આવાસ યોજના સાથે બનાવેલ હોવાથી અને આવાસોમાં રહેતા કુટુંબોની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી, તેઓના બાળકોને રાહત દરે શિક્ષણ મળે તે જરૂરી હોવાથી સદર સ્કુલ બિલ્ડીંગની માલીકી વુડાની જ રહે અને પબ્લીક/પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે ફકત શિક્ષણની કામગીરી માટે માધવ શિક્ષણ સેવા ટ્રસ્ટ, પાદરાને આપવી કે ટેન્ડર ઓફર ધ્વારા શાંતિનિકેતન ટસ્ટ ધ્વારા આવેલ રૂા.૩૪/- લાખની ઓફર ભાવે વેચાણથી આપવી તે અંગે જરૂરી અભિપ્રાય/આદેશ થઈ આવવા અત્રેના તા.૨૭-૦૬-૨૦૦૮ ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ છે.

માન. મંત્રીશ્રી., પાણી પુરવઠા, જળસંપતિ(કલ્પસર પ્રભાગ સિવાય)શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૨૪-૧૨-૨૦૦૮ ના પત્રથી મંત્રીશ્રી., વિધાભારતી , વડોદરા વિભાગની તા.૧૮-૧૨-૨૦૦૮ ની અરજી નકલ અત્રે મોકલી માન. મંત્રીશ્રી. સમક્ષ થયેલ રજુઆત સંદર્ભે માન. મંત્રીશ્રી.એ આપેલ આદેશ અનુસાર જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે. જે અન્વયે વિધાભારતી ગુજરાત પ્રદેશ, વડોદરા વિભાગના મંત્રીશ્રી અત્રે સંપર્ક કરતાં તેઓના તા.૧૨-૦૧-૨૦૦૯ ના સંમતિપત્રમાં દર્શાવેલ શરતો અનુસાર શાળાનું બિલ્ડીંગ ફાળવી આપવા માંગણી કરેલ છે.

ઉપરોકત હકકીત ધ્યાને લઈ માધવ શિક્ષણ સેવા ટ્રસ્ટ, પાદરાને "વિધાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન" સાથે જરૂરી કરાર કરી શાળા ચલાવવા માટે શાળા બિલ્ડીંગ આપવા અંગે મંજુરી આપવા અંગેના સરકારશ્રીમાં અત્રેના તા.૧૭-૦૧-૨૦૦૯ ના પત્રથી દરખાસ્ત કરતાં સરકાશ્રીની તા.૦૨-૦૩-૨૦૦૯ ના પત્ર નં.યુડીએ-૧૧-૨૦૦૭-૧૩૨૪-(પાર્ટ ફાઈલ)-વ થી ઈ.ડબલ્યુ.એસ.ના આવાસો સાથેનું સ્કુલ બિલ્ડીંગ આવાસોમાં રહેતા કુટુંબોના બાળકોને રાહત દરે શિક્ષણ મળી રહે, તેથી માધવ શિક્ષણ સેવા ટ્રસ્ટ, પાદરા સાથે તેઓ ધ્વારા આપેલ સંમતિપત્રક ઉપરાંત નિયમાનુસાર જરૂરી એવા તમામ કરાર કરી શાળા ચલાવવા માટે બિલ્ડીંગ આપવાની દરખાસ્ત ગ્રાહય રાખવામાં આવેલ હતી.

સરકારશ્રીમાંથી મળેલ ઉકંત મંજુરી અન્વયે માધવ શિક્ષણ સેવા ટ્રસ્ટ, પાદરા સાથે તા.૧૮-૦૫-૨૦૦૯ ના રોજ શાળા-મકાન વપરાશી હકક અંગેનું કરાર નામું કરી શાળાનો કબજો સુપ્રત કરવામાં આવેલ હતો તથા તે કાર્યવાહીને વુડા બોર્ડની ૨૦૩ મી બેઠકમાં ઠારાવ નં.૧૯૬૩ થી બહાલી મળેલ હતી. પરંતુ તાજેતરમાં સ્થળે શાળાકીય પ્રવૃતિ થતી ન હોવાનું તથા મકાન બંધ રહેતું હોવાની બાબત ધ્યાન પર આવતા અત્રેથી તા.૨૬-૦૯-૨૦૧૮ ના પત્રથી કરારભંગ બદલ બિલ્ડીંગ વાપરવા આપેલ હુકમ રદ કરી બિલ્ડીંગનો કબજો સુપ્રત કરવા તાકીદ કરેલ હતી. જે પરત્વે "વિધાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન" ધ્વારા તા.૧૬-૧૦-૨૦૧૮ ના પત્રથી આ ભવનમાં શૈક્ષિણિક મહિલા ઉત્થાન, સ્કીલ ડેવલપમેન્ટ તથા આરોગ્ય વિષયક પ્રવૃતિઓ કરવામાં આવતી હોઈ સ્કુલ બિલ્ડીંગનો વપરાશ ચાલુ રાખવા વિનંતી કરેલ છે. આથી સરકારશ્રી ધ્વારા તા.૦૨-૦૩-૨૦૦૯ ના પત્રથી ઈ.ડબલ્યુ.એસ. આવાસોના સભ્યોનું સ્કુલ બિલ્ડીંગ આવાસોમાં રહેતા કુટુંબોના બાળકોને રાહતદરે શિક્ષણ મળી રહે તે હેતુથી શાળા ચલાવવા માટે સ્કુલ બિલ્ડીંગ આપવાની દરખાસ્ત ગ્રાહય રાખવામાં આવેલ હોઈ શાળા સિવાયની શૈક્ષણિક તથા ઈતર પ્રવૃતિઓ માટે સ્કુલ બિલ્ડીંગનો વપરાશ કરવાનો કબજો ચાલુ રાખવો કે કેમ તે અંગે ચર્ચા વિચારણા તથા નિર્ણય અંગેનો મુધ્દો વુડા બોર્ડ સમક્ષ રજુ થતા વિગતવાર ચર્ચા કરવામાં આવી જેમાં અગાઉ સરકારશ્રીની શાળા ચલાવવાની મંજુરી પરત્વે ટ્રસ્ટને સોંપણી થયેલ છે. આથી હવે શાળા સિવાયના સંલગ્ન હેતુ માટે ઉપયોગ કરવા પરવાનગી માંગેલ હોઈ સરકારશ્રીનું માર્ગદર્શન મેળવી તે પરત્વે આગામી બોર્ડમાં ફરીથી રજુ કરવા સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક : ( ૨૫૪૫ )** દીનદયાળનગર (વિભાગ-૩) ગોત્રી ની આવાસ યોજના સાથેનું સ્કુલ બિલ્ડીંગ શાળા ચલાવવા સિવાયના સંલગ્ન હેતુ માટે "વિધાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન" ધ્વારા કરેલ માંગણી પરત્વે સરકારશ્રીના શહેરી વિકાસ શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરનું માર્ગદર્શન મેળવી તે પરતવે આગામી બોર્ડબેઠકમાં ફરીથી રજુ કરવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નંબર (૧૧) : મોજે સેવાસી ટી.પી.સ્કીમ નં. ૩ માં બાકી રહેલ રસ્તા બનાવવા બાબત.

મોજે સેવાસીના ટી.પી. ૩ વિસ્તાર માં અગાઉ સરકાર્શ્રીમાં મંજુરી અર્થે પાઠવેલ મુસદ્દારૂપ નગર રચના યોજના સેવાસી ૩ માં દર્શાવેલ રસ્તાઓ બનાવવા ટેન્ડર પ્રક્રિયા કરી કામગીરી હાથ ધરેલ હતી. જેમાં લગભગ ૧૨૦૦ મીટર જેટલા રસ્તા કબજા ન મળવાને કારણે કરી શકાય તેમ ન હોવાથી તથા સરકારશ્રીમાંથી મુસદ્દારૂપ નગર રચના યોજના મંજુર થયેલ ન હોવાથી કાયદાકીય રીતે રસ્તા ની જમીનના કબજા મેળવી શકાય તેમ ન હોવાથી ૧૨૦૦ મીટર રસ્તાની કામગીરી બાકી રાખી જે તે સ્ટેજે કામગીરી ફાઈનલ કરી ટેન્ડર કલોઝ કરવામાં આવેલ હતુ.

ત્યારબાદ મુસદ્દારૂપ નગર રચના યોજના સેવાસી-૩ સરકારશ્રી ધ્વારા મંજુર કરવામાં આવેલ છે. આથી હવે કાયદાકીય પ્રક્રિયાથી રસ્તાના કબજા મળી શકે તેમ હોવાથી તથા આ રસ્તા બનાવવા મા.ધારાસભ્યશ્રી, વડોદરા શહેર ધ્વારા તથા સ્થાનિક રહીશો ધ્વારા વારંવાર રજુઆત કરવામાં આવતા આ રસ્તાને પ્રાથમિકતા આપી ઝડપથી કામગીરી કરાવવા માટે PMC મારફત અંદાજપત્રક તૈયાર કરાવતા ટી.પી.સ્કીમમાં બાકી રહેલ ૧૨૦૦ મીટર જેટલો રસ્તો કરવા લગભગ રૂ. ૧૧૪ લાખ જેટલો અંદાજીત ખર્ચ થાય તેમ છે.

અગાઉ નગર રચના યોજના સેવાસી નં. ૩ માં સમાવિષ્ટ રસ્તાઓ બનાવવા કુલ ૮.૭૫ કરોડની મંજુરી મળેલ હતી. જે પરત્વે ટેન્ડર મુજબ કામગીરી કરાવતા સુચિત ૧૨૦૦ મીટરના રસ્તા સિવાયના રસ્તાઓમાં રૂ. ૩.૪૫ કરોડ ખર્ચ થયેલ છે. જે મુજબ લગભગ રૂ. ૫.૩ કરોડ જેટલી બચત છે. આ ૧૨૦૦ મીટર રસ્તાની કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયામાં સમય વ્યતિત થાય તેમ હોવાથી હાલ વુડામાં વુડા વિસ્તારની રોડની કામગીરી માટે ૭.૫% નીચા દરના ચાલુ ટેન્ડર મુજબ ૧૨૦૦ મીટરની લંબાઈમાં રસ્તાની કામગીરી કરવા બોર્ડની મંજુરીની અપેક્ષાએ કામગીરીના વર્ક ઓર્ડર આપેલ છે. તથા તે મુજબ હાલ સ્થળે કામગીરી ચાલુ છે. આમ આ કામગીરી માટે ટેન્ડર રેટ મુજબ રૂ. ૮૮,૩૬,૦૫૬/- ખર્ચ થાય તેમ હોઈ આ સોપેલ કામગીરીને બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ બેઠક સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા કરવામાં આવી તથા રૂ. ૮૮,૩૬,૦૫૬/- નાં ખર્ચે વુડા વિસ્તારમાં મરામત અને નિભાવણીના ૭.૫% નીચા ભાવના ટેન્ડરનાં ભાવો મુજબ ઈજારદારશ્રીને આપેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક ( ૨૫૪૬) : મોજે સેવાસી મુસ્સદારૂપ ટી.પી.સ્કીમ ન-૩ ના બાકી રહેલ ૧૨૦૦ મીટર લંબાઈના રસ્તાઓ માટે વુડાના મરામત અને નિભાવણીના ૭.૫% નીચા ભાવના ટેન્ડર મુજબ રૂ. ૮૮,૩૬,૦૫૬/- ની ટેન્ડર કિંમતથી સોંપેલ કામગીરીને બહાલી આપવા ઠરાવવામાં આવ્યુ.

મુદ્દા નંબર (૧૨) : વુડા વિસ્તારના પશ્ચિમ વિસ્તારના ગામોના રહીશો માટે પીવાના પાણીની વ્યવસ્થા માટે મહીસાગર નદી આધારીત સુચિત અમૃતમ યોજના માંથી પાણી પુરૂ પાડવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે વુડાના પશ્ચિમ વિસ્તારના ગામો માટે ફેઝ-૧ તથા ફેઝ-૨ માં પીવાના પાણી માટે માસ્ટર પ્લાન બનાવેલ છે. જેમાં આગામી વર્ષોમાં વુડા વિસ્તારના ફેઝ-૧ અને ફેઝ-૨ માં આવતા કુલ ૧૧ ગામ ગોરવા, ઉંડેરા, કોયલી, અંકોડિયા, ખાનપુર, શેરખી, સેવાસી, મહાપુરા, ગોકળપુરા, ભાયલી, બીલ ખુબ જ ઝડપી રહેણાંક વિકાસ થઈ રહેલ છે. જે પરત્વે આ કુલ ૧૧ ગામોમાં પીવાના પાણીની જરૂરિયાત લગભગ ૩૩ MLD જેટલી રહેવા સંભાવના છે. આથી અત્રેથી અધિક્ષક ઈજનેરશ્રી, વડોદરા સિંચાઈ વર્તુળ ને ૩૩ MLD પાણી રીઝર્વ કરવા પત્ર પાઠવેલ છે તથા વડોદરા મહાનગરપાલિકા ધ્વારા મહીસાગર નદી આધારિત બની રહેલ અમૃતમ યોજનાની પાણી પુરવઠા યોજના માંથી વુડા ને પાણી પુરૂ પાડવા અને આ અંગે થનાર ખર્ચનો હિસ્સો વુડા ધ્વારા વડોદરા મહાનગરપાલિકા માં જમા કરાવવા આવશે તેવો પત્ર વુડા ધ્વારા વડોદરા મહાનગરપાલિકાને પણ પાઠવેલ છે.

વુડા વિસ્તારના પશ્ચિમ વિસ્તારના ૧૧ ગામોની આસપાસના વિકસીત વિસ્તારમાં અમૃતમ યોજનાની પાઈપલાઈન માંથી ૩૩ MLD પાણી આપવા અત્રેથી કરેલ દરખાસ્ત પરત્વે વડોદરા મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૫/૧૨/૨૦૧૮ ના પત્રથી ૨૦ MLD પીવાનું પાણી વુડાને આપવાનું વિચારણામાં હોવાનો પત્ર પાઠવેલ છે. આ કામગીરીના પ્રોજેકટનો કુલ ખર્ચ રૂ. ૧૬૫.૭૬ કરોડ છે. જે પૈકી ૧૦૦ કરોડ અમૃત ગ્રાન્ટ પેટે, અને જેમાં ૩૦% નો ખર્ચ ૩૦ કરોડ તથા કુલ રકમ પૈકીની બાકી રહેતી રકમ રૂ. ૬૫.૭૬ કરોડની જોગવાઈ એમ કુલ રૂ. ૯૫.૩૬ કરોડની જોગવાઈ વડોદરા મહાનગરપાલિકાએ કરવાની થાય છે. આથી વુડા ને ૨૦ MLD પીવાનું પાણી વડોદરા મહાનગરપાલિકા ધ્વારા ભવિષ્યમાં આપવાનું થાય તો ૨૦ MLD પાણી પેટે ખર્ચ રૂ. ૯૫.૩૬ કરોડના ૨૦% ના પ્રમાણમાં આવતી રકમ વુડા ધ્વારા વડોદરા મહાનગરપાલિકામાં જમા કરાવવાની રહેશે તથા સદર યોજનાના ઓપરેશન અને મેન્ટેનન્સ માટેનો ખર્ચની ભાગે પડતી રકમ વખતો વખત સમગ્ર સભા ધ્વારા નક્કી થાય તે મુજબ આપવાની થશે તેમ જણાવેલ છે.

આથી વુડા વિસ્તારના પશ્ચિમ વિસ્તારના કુલ ૧૧ ગામોના વિકસીત વિસ્તારમાં પીવાના પાણી માટે વુડા ધ્વારા ૨૦ MLD પાણી વડોદરા મહાનગર પાલિકા મારફત લેવા માટેની કાર્યવાહી તથા તે અંગે થનાર ખર્ચની મંજુરી અંગેનો મુદ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે થતા વિગતવાર ચર્ચા કરવામાં આવી તથા વડોદરા મહાનગર પાલિકા દ્વારા તૈયાર કરવામાં આવી રહેલ યોજનામાંથી ૨૦ MLD પાણી આપવામાં આવે તો પશ્ચિમ વિસ્તારના પીવાના ચોખ્ખા પાણીની સમસ્યાનો નિકાલ થાય તેમ છે. આથી વી.એમ.સી.ની સમગ્ર સભામાં દરખાસ્ત ગ્રાહ્ય રહ્યેથી ૨૦ MLD પાણી પર ૨૦% નાં પ્રમાણમાં આવતી રકમ વડોદરા મહાનગર પાલિકાને જમા કરાવવા તથા ઓપરેશન મેન્ટેનન્સ માટેના ખર્ચને ભાગે પડતી રકમ સમગ્ર સભા નક્કી કરે તે મુજબ ચુકવવા સર્વાસભ્યશ્રીઓની સર્વ સંમતિથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**<u>ઠરાવ ક્રમાક (૨૫૪૭)</u>** : વુડા વિસ્તારના પશ્ચિમ વિસ્તારના ૧૧ ગામોના વિકસિત વિસ્તારમાં પીવાના પાણી માટે વડોદરા મહાનગર પાલિકા દ્વારા તૈયાર કરવામાં આવી રહેલ અમૃત પાણી પુરવઠા યોજના માંથી ૨૦ MLD પાણી મેળવવા ૨૦% નાં પ્રમાણમાં આવતી રકમ તથા ઓપરેશન મેન્ટેનન્સ માટેની ખર્ચની ભાગે પડતી રકમ વડોદરા મહાનગર પાલિકાને ચુકવવાની તૈયારી દર્શાવી વડોદરા મહાનગર પાલિકાને પાણી મેળવવા દરખાસ્ત કરવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નંબર (૧૩ ) : વડોદરા મહાનગરપાલિકા ધ્વરા કપુરાઈ ખાતે બનાવવામાં આવી રહેલ નવીન ૬૦ MLD STP માં વુડા વિસ્તારના મલિન જળના જથ્થાના શુધ્ધિકરણ માટે વુડા ધ્વારા વરાડે પડતો ખર્ચની ભરપાઈ કરવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ હસ્તકના પુર્વ વિસ્તારમાં આજવા રોડ તથા વાઘોડિયા રોડની આજુબાજુ આવેલા ગામોની જમીનોમાં થયેલ રહેણાંક વિકાસ સંદર્ભે અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ લાઈન નાખી ખટંબામાં એસ.ટી.પી બનાવી મલિન જળનું શુધ્ધિકરણ કરવાનો ડ્રેનેજપ્રોજેકટ તૈયાર કરેલ હતો. જે પૈકી અંડરગ્રાઉન્ડ ડ્રેનેજની કામગીરી પુર્ણ થવામાં છે. પરંતુ મ્યુનિસીપલ કોર્પોરેશનની હદ વિસ્તારના કપુરાઈ ખાતે વડોદરા મહાનગરપાલિકા ધ્વારા બનાવવામાં આવી રહેલ ૬૦ MLD STP માં વુડા માટે ૯.૦૫ MLD મલિન જળના શુધ્ધિકરણ કરવા માટેની જોગવાઈ હોવાની બાબત ધ્યાને આવતા ખટંબાની જમીનમાં કરવાના થતા STP ની કામગીરી શરૂ કરવામાં આવેલ નથી. પરંતુ કપુરાઈ ખાતે બની રહેલ STP માં વુડાની જોગવાઈ પરત્વે મલિન જળને શુધ્ધિકરણ માટે વુડા ધ્વારા ભરવાની થતી વરાડે પડતી રકમ જણાવવા વડોદરા મહાનગરપાલિકાને વુડા ધ્વારા જણાવેલ હતુ. ત્યારબાદ વુડાના વિવિધ વિસ્તારમાં વડોદરા મહાનગરપાલિકા સાથે રહીને સંયુકત પ્રોજેકટ કરી ડ્રેનેજ નેટવર્ક તથા STP ના કામો કરવા વુડા બોર્ડની ૨૩૭ મી બોર્ડ બેઠકમાં ઠરાવ ક્રમાંક ૨૫૨૧ થી ઠરાવતા મહાનગરપાલિકાને ભોગવવા પડતા ખર્ચની રકમના ૫૦% રકમ વુડા ધ્વારા ભોગવવાની રહે તે મુજબ વડોદરા મહાનગરપાલિકા ધ્વારા સામાન્ય સભામાં ઠરાવ થયેલ છે. જે આધારે વુડા વિસ્તારના પુર્વ વિસ્તાર માંથી કપુરાઈ ખાતેના ૬૦ MLD STP માં આવનાર મલિન જળના શુધ્ધિકરણ માટે થનાર ખર્ચ પૈકી પ્રથમ તબ્બકે કેપીટલ ખર્ચ પેટે રૂ. ૧૦,૩૬,૪૩,૯૭૧/- તથા ત્યારબાદ O & M શરૂ થયેથી પ્રતિ વર્ષ રૂ. ૪૯,૩૫,૦૦૦/- તેમજ લાઈટ બીલ વગેરેની રકમ ભરપાઈ કરવાની થશે તથા આ કામગીરી પેટે પ્રથમ તબબકામાં કેપીટલ કોસ્ટ તરીકે રૂ. ૧૦,૩૬,૪૩,૯૭૧/- વી.એમ.સી માં ભરવા તા. ૦૩/૧૧/૨૦૧૮ ના પત્રથી જણાવેલ છે, જે બાબત વુડા બોર્ડ સમક્ષ જરૂરી ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા કરવામાં આવી તથા વુડા અને વી.એમ.સી. વચ્ચે ડ્રેનેજ પ્રોજેક્ટ તથા એસ.ટી.પી. બનાવવા માટે થયેલ સંયુક્ત નિતીવિષયક નિર્ણય પરત્વે કપુરાઈ STP માં ભાગીદારીથી કામગીરી પેટે પ્રથમ તબક્કે કેપીટલ ખર્ચ પેટે રૂ.૧૦,૩૬,૪૩,૯૭૧/- વી.એમ.સી. ને ચુકવવા તથા O&M શરૂ થયેથી આ વિસ્તારમાં વી.એમ.સી. માં ભળે ત્યાં સુધી પ્રતિવર્ષ રૂ. ૪૯,૩૫,૦૦૦/- તેમજ લાઈટ બિલ વિગેરે રકમ વી.એમ.સી.ને ચુકવવા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક ( ૨૫૪૮ ) :** વડોદરા મહાનગર પાલિકા દ્વારા કપુરાઈ ખાતે બનાવવામાં આવી રહેલ ૬૦MLD STP માં ભાગીદારી પેટે પ્રથમ તબક્કે કેપીટલ ખર્ચ પેટે રૂ. ૧૦,૩૬,૪૩,૯૭૧/- વી.એમ.સી.ને ચુકવવા તથા O&M શરૂ થયેથી આ વિસ્તાર વી.એમ.સી. માં ભળે ત્યાં સુધી પ્રતિવર્ષ રૂ. ૪૯૩૫૦૦૦/- તેમજ લાઈટ બિલ વિગેરેની રકમ વી.એમ.સી. ને ચુકવવાનું ઠરાવવામાં આવ્યુ.

મુદ્દા નંબર (૧૪ ) : મોજે અટલાદરા સર્વે નં. ૪૮ તથા સર્વે નં. ૧૧ અને ૧૪ પૈકીમાં માધવનગર-કેશવનગર આવાસ યોજનાના પુનઃવસન બાબત-પૈકી માધવનગરમાં બાંધવામાં આવી રહેલ આવાસોની કામગીરીનો સમય વધારવા બાબત.

વુડા ધ્વારા સરકારશ્રીની પી.પી.પી + ટર્ન-કી ધોરણે આવાસોના બાંધકામની ગાઈડલાઈન મુજબ માધવનગર-કેશવનગર રીહેબીલીટેશન સ્કીમ (MKRS) હેઠળ EWS આવાસો બાંધકામ માટે માનવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લી.ને કાર્ય આદેશ આપવામાં આવેલ, જેની સમય મર્યાદા તા.૧૭/૧૨/૨૦૧૬ થી તા.૧૬/૧૨/૨૦૧૭ સુધી ૧૨ માસ આપવામાં આવેલ હતી. પરંતુ વિષય દર્શિત કામ માનવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લી. ધ્વારા આપેલ સમય મર્યાદામાં પુર્ણ થયેલ ન હોવાના કારણો જણાવેલ જેવા કે મટીરીયલ ઉતારવા માટે પુરતી જગ્યા ન હોવાથી બધા ટાવરોના બાંધકામની કામગીરી એક સાથે કરેલ ન હતી, મુસળધાર વરસાદના કારણે, Demonetization ના કારણે પુરતી કેશ ન હોવાથી તથા GST નો સમાવેશ થયેલ હોવાના કારણો જણાવેલ જેને પી.એમ.સી (જીઓ ટેસ્ટ હાઉસ) ધ્વારા વ્યાજબી ગણી તા. ૧૭/૧૨/૨૦૧૭ થી તા. ૧૬/૦૬/૨૦૧૮ સુધી ૬ માસ સદર કામની સમય મર્યાદા વધારી આપવામાં આવેલ હતી. સદર ૬ માસની પહેલી વખતની સમય મર્યાદા વધાર્યા બાદ પણ કામ પુર્ણ થયેલ ન હોવાથી માનવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લી. ધ્વારા કારણો રજુ કરેલ જેવા કે સદર આવાસોના જુના રહીશો ધ્વારા ખોટી રજુઆતો કરી વારંવાર કામ બંધ કરાવવાથી, ટાવર-આઈ તથા ટાવર-જે માં પાણીનું લેવલ ખુબજ ઉંચુ હોવાથી બેઝમેન્ટમાં પાણી ભરાઈ જવાથી, પી. એફ. રજીસ્ટ્રેશનની ઈન્કવાયરી તથા લેબર કોલોનીની જગ્યા ન હોવાના કારણે લેબર બહારથી લાવવા પડે છે જેવા કારણો રજુ કરેલ જેને PMC (જીઓ ટેસ્ટ હાઉસ, વડોદરા) ધ્વારા વ્યાજબી ઠેરાવી સમય મર્યાદા વધારવા માટે ભલામણ કરેલ હતી, જે ધ્યાને લઈ આ કામની બીજી વખતની સમય મર્યાદા તા. ૧૭/૦૬/૨૦૧૮ થી તા. ૧૬/૧૦/૨૦૧૮ સુધી ૪-માસ સુધી વધારી આપવામાં આવેલ હતી.

અત્રેની કચેરી ધ્વારા સાઈટ વિઝીટ કર્યાબાદ માનવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લી. ધ્વારા સદર કામગીરી માટેના લીફટ, પાણી, ડ્રેનેજના જોડાણ તથા ત્યારબાદ પ્રોજેકટના કમ્પલીશન સર્ટીફીકેટ મેળવવા માટે પણ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોઈ કાર્યવાહી કરેલ નથી. તદઉપરાંત તેઓ ધ્વારા ૪ માસની બીજી વખત માંગવામાં આવેલ સમય મર્યાદામાં કામગીરી પુર્ણ કરવા અંગેનો બાર ચાર્ટ રજુ કરવા જણાવેલ. તેમ છત્તા માનવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લી. તરફથી અત્રેની કચેરીમાં કામગીરી ક્યારે પુર્ણ થશે તે જાણ કરવામાં આવેલ ન હતી. અને પી.એમ.સી ધ્વારા આપેલ કામના પ્રોગ્રેસ રીપોર્ટથી તથા સ્થળ સ્થિતિ જોતા લગભગ ૭૩.૯૫% જેટલી જ કામગીરી પુર્ણ થયેલ છે તેમ જણાવતા અત્રેની કચેરી ધ્વારા માનવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લી. સાથે થયેલ એગ્રીમેન્ટ મુજબ આ યોજના અંતર્ગત પાયાની તમામ સુવિધાઓ જેવી કે પીવાના પાણીનું જોડાણ, ગટરનું જોડાણ, જી.ઈ.બી. તરફથી વીજ જોડાણના મીટર મેળવી આપવા તથા લાભાર્થીઓની ઉપસ્થિતીમાં કોમ્પ્યુટર ડ્રો કરવો, આ યોજનાના લાભાર્થીઓનું યોજનાની જાળવણી માટે એસોસિયેશન બનાવી તેમા યોજનાની જાળવણી માટે બાંધકામના પ્રતિ ચો.મીટર રૂ. ૨૫૦/- નું ભંડોળ ઉભુ કરી સદર એસોસિયેશનને તબદિલ કરવાનો સમાવેશ થાય છે. જે પૈકી પણ કોઈ કામગીરી થયેલ નથી ઉપરોકત જણાવેલ તમામ કામગીરી કેટલા સમયમાં પુર્ણ થશે તે અંગે અત્રેની કચેરી વારંવાર જણાવવા છતાં તેઓ ધ્વારા જાણ કરવામાં આવેલ નથી તે પ્રકારની ૩ નોટીસો પાઠવવામાં આવેલ હતી.

ઉકત વિગત અન્વયે માનવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લી. ધ્વારા તા. ૧૨/૧૧/૨૦૧૮ ના પત્ર ધ્વારા સદર કામની સમય મર્યાદા અંદાજીત ૯૫% જેટલી થયેલ કામગીરી ધ્યાને લઈ બાકી રહેતી ૫% જેટલી કામગીરી પુર્ણ કરવા હજુ બીજા ૬૦ દિવસ વધારી આપવા માંગણી કરેલ છે. માનવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લી. ના પત્ર અન્વયે અત્રેની કચેરી ધ્વારા વીજ મીટર કનેકશન મેળવવા માટે પત્ર

ધ્વારા એમ.જી.વી.સી.એલ વડોદરાને જાણ કરેલ છે. આ કામની પી.એમ.સી (જીઓ ટેસ્ટ હાઉસ, વડોદરા) ધ્વારા સાઈટ પર ૯૨% જેટલી કામગીરી થયેલ છે તેમ જણાવી સદર કામ સમય મર્યાદામાં પુર્ણ ન થવાના કારણે તા. ૧૭/૧૦/૨૦૧૮ થી તા. ૧૫/૧૨/૨૦૧૮ સુધીની એટલે કે ૬૦ દિવસની સમય મર્યાદા વધારી આપવા ભલામણ કરેલ છે. તથા વિષય દર્શિત કામગીરી વધારેલ સમય મર્યાદામાં પુર્ણ ન થાય તો ટેન્ડરના કલોઝ નં. ૨ પાન નં. ૧૬૦ મુજબની પેનલ્ટી આપવાનુ પણ જણાવેલ છે. જે ધ્યાને લેતા આ કામની કામગીરી તા. ૧૫/૧૨/૨૦૧૮ ના રોજ પણ પુર્ણ થઈ શકે તેમ જણાતુ નથી પરંતુ જાન્યુઆરી-૨૦૧૯ ના અંત સુધી થઈ શકે તેમ જણાય છે. આથી તે અન્વયે સદર કામની સમય મર્યાદા વધારવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ બેઠક સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા હાલ સ્થળે થયેલ કામગીરીની વિગતો રજુ કરવામાં આવી. જે વિગતો અંગે ચર્ચા વિચારણા કરતા હજી ફર્નિશિંગ , લાઈટ, પાણી, ગટર જોડાણની તથા વી.એમ.સી. માંથી ઓક્યુપંસી મેળવી ડ્રો કરવા સુધીની કામગીરીમાં દોઢ માસ જેવો સમય વ્યતીત થવાની શક્યતા જણાતી હોવાથી સદરહું કામગીરીની સમય મર્યાદા ૩૧ જાન્યુઆરી ૨૦૧૯ સુધી વધારવા તથા વિલંબ પરત્વે ટેન્ડર મુજબ પેનલ્ટી સહિતની કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક ( ૨૫૪૯ )**: મોજે અટલાદરાના સ.નં. ૪૮ માં થઈ રહેલ માધવનગર, કેશવનગર પુનઃ વસન યોજનાની બાંધકામની કામગીરીની સમય મર્યાદા તા. ૩૧/૦૧/૨૦૧૯ સુધી વધારવા તથા વિલંબ પરત્વે ટેન્ડરની જોગવાઈ મુજબ પેનલ્ટી સહિત કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

મુદ્દા નંબર (૧૫) : વુડા ધ્વારા કરવામાં આવતા ડેવલોપમેન્ટના કામો તથા અન્ય સીવીલ કામો કરવા માટેના અંદાજોને તાંત્રીક મંજુરી આપવા બાબત.

વુડા બોર્ડની ૨૧૩ મી બોર્ડ બેઠકમાં થયેલ ઠરાવ ક્રમાંક ૨૦૬૮ થી વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા કરવામાં આવતા વિકાસના કામો જેવા કે હાઉસીંગ, રોડ તથા અન્ય નાગરિક સુવિધાના કામો માટે આપવામાં આવતી તાંત્રિક મંજુરી અંગેની સત્તા, માર્ગ અને મકાન વિભાગના પરીપત્ર ક્રમાંક:પી.ડીડબલ્યુ/૧૦૨૦૦૭/૧(ભાગ-૧)સ, તા.૧૨/૪/૨૦૧૧ મુજબ રીવાઈઝડ કરી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી (સીવીલ) ને રૂ. ૬/- લાખ તથા કાર્યપાલક ઈજનેરશ્રી (સીવીલ) ને રૂ. ૫૦/- લાખ સુધીના કામોને તાંત્રિક મંજુરી આપવા માટેની સત્તા સોંપવામાં આવેલ છે તથા વુડા કચેરીમાં કાર્યપાલક ઈજનેરશ્રી સુધીની જ પોસ્ટ હોવાથી રૂ. ૫૦/- લાખથી વધુ રકમના કામોને તાંત્રિક મંજુરી આપવા માટે નીચે મુજબ કમિટીની રચના કરવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી<br>શહેરી વિકાસ સાત્તમંડળ, વડોદરા. | : | અધ્યક્ષ |
| (૨) | સીટી ઈજનેરશ્રી/એડીશનલ સીટી ઈજનેરશ્રી<br>અથવા તેમના પ્રતિનિધી (પ્રોજેકટ્સ ને સંલગ્ન<br>કામોનો હવાલો સંભાળતાં સંબંધિત અધિકારી<br>વડોદરા મહાનગર સેવાસદન) | : | સભ્યશ્રી |
| (૩) | સીનીયર ટાઉનપ્લાનરશ્રી/તેમના પ્રતિનિધી<br>(જે નગર નિયોજકશ્રીની કક્ષા નીચેના ન હોય તેવા)<br>નગર આયોજન અને મુલ્યાંકન વિભાગ/શાખા, વડોદરા | : | સભ્યશ્રી |
| (૪) | ટાઉન પ્લાનરશ્રી<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા | : | સભ્યશ્રી |
| (૫) | કાર્યપાલક ઈજનેરશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા. | : | સભ્ય સચિવશ્રી |

ઉપરોકત વિગતે રચાયેલ કમીટી ધ્વારા વુડાના ૫૦ લાખથી વધુ રકમના કામોને તાંત્રિક મંજુરી આપવાની પ્રથા અમલમાં છે. પરંતુ એક સભ્ય તરીકે રાખેલ નગર આયોજન અને મુલ્યાંકન વિભાગના સિનીયર ટાઉન પ્લાનરશ્રી, વડોદરા ની જગ્યા સરકારશ્રી ધ્વારા બંધ કરવામાં આવેલ હોવાથી કમીટીની રચનામાં એક સભ્યના હોદ્દામાં ફેરફાર કરવાનો થાય છે. આથી સરકારશ્રી ધ્વારા સીનીયર ટાઉન પ્લાનરશ્રી કક્ષાના નગર રચના અધિકારીશ્રી વડોદરાની નવીન જગ્યા ઉભી કરવામાં આવેલ હોઈ ઉકત કમીટીમાં ત્રીજા સભ્ય તરીકે નગર રચના અધિકારીશ્રી વડોદરા/તેમના પ્રતિનિધી (જે નગર નિયોજકશ્રી ની કક્ષા નીચેના ન હોય તેવા) નો સમાવેશ કરી કમીટીની રચનામાં ફેરફાર કરવાની બાબત અંગે વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે થતા તાંત્રિક મંજુરી કમીટી સભ્યશ્રીનાં હોદ્દામાં ફેરફાર કરવા સર્વ સંમતિથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૫૫૦)**: વુડા વિસ્તારમાં ૫૦ લાખથી વધુ રકમના કામોને તાંત્રિક મંજુરી આપવા રચાયેલ કમિટીમાં સિનિયર ટાઉનપ્લાનારશ્રી/તેમના પ્રતિનિધિનાં સ્થાને નગર રચના અધિકારી, નગર રચના યોજનાઓ વડોદરા/તેમના પ્રતિનિધિ (નગર નીયોજકશ્રી કક્ષા નીચે ન હોય તેવા) મુજબ સુધારો કરવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નં.(૧૬): સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આર્થીક રીતે નબળા વર્ગના લોકો માટે EWS-I તથા EWS-II ના આવાસો માટે જમીન નક્કી કરવા તથા AHM માં એમ્પેનલ્ડ એજન્સીઓ પૈકી એજન્સી નક્કી કરી કામગીરી સોંપણી બાબત.

સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આર્થીક રીતે નબળા વર્ગના લોકો માટે ઈ.ડબલ્યુ.એસ તથા ઓછી આવક ધરાવતા લોકો માટે એલ.આઈ.જી ના આવાસો બનાવવાનું ગુજરાત હાઉસીંગ બોર્ડ, મહાનગર પાલીકાઓ, નગર પાલીકાઓ તથા સત્તા મંડળો ધ્વારા અમલીકરણ કરવામાં આવી રહેલ છે, તે પરત્વે વુડાને પણ આ યોજનાનું અમલીકરણ કરવા જણાવવામાં આવેલ. ઉકત યોજનાઓ અંતર્ગત દર વર્ષે ૩૦૦૦ આવાસો મુજબ આવતા પાંચ વર્ષ માટે અંદાજે ૧૫૦૦૦ આવાસો બનાવવાનું લક્ષ્યાંક આપેલ છે. સદર કામગીરી PMC, આર્કીટેકટ વિગેરેની નિમણુંક કરી કરાવવાનું વુડાની બોર્ડ બેઠક નં. ૨૨૦ ના ઠરાવ ક્રમાંક ૨૧૭૪ તા. ૩/૧૦/૨૦૧૩ થી ઠરાવવામાં આવેલ છે. તે અંગે પ્રથમ તબક્કામાં વર્ષ ૨૦૧૩-૧૪ તથા ૨૦૧૪-૧૫ માટે કુલ ૫૨૦ ઈ.ડબલ્યુ.એસ. આવાસો પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧ અને વેમાલી ટી.પી.સ્કીમ નં. ૧ ખાતે બાંધકામ પુર્ણ કરેલ છે તથા ૩૧૨ એલ.આઈ.જી-૧ અને ૨ આવાસો મુખ્યમંત્રી ગ્રુહ યોજના અંતર્ગત સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧ અને વેમાલી ટી.પી.સ્કીમ નં. ૧ ખાતે બાંધકામ પુર્ણ કરી કુલ ૮૩૨ (૫૨૦+૩૧૨) આવાસોના પઝેશન સોંપવાની કામગીરી પુર્ણ થયેલ છે. જયારે બીજા તબક્કામાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ ૨૦૨૮ ઈ.ડબલ્યુ.એસ-૧ અને ૨ આવાસોનું સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧ ના એફ.પી.નં. ૭૫ અને ૧૧૯ (ફેઝ-૨) અને ખટંબા બ્લોક નં. ૭૨/અ/પૈકી અને બ્લોક નં. ૭૭/પૈકી ખાતે બાંધકામ હાલ પ્રગતિમાં છે.

તા. ૨૭/૦૪/૨૦૧૮ ના માન.અગ્રસચિવશ્રી, શ.વિ. અને શ.ગૃહ.નિ.વિભાગ, ગાંધીનગરના પત્ર અન્વયે વુડાની અંતિમ મંજુર થયેલ ટી.પી.સ્કીમોમાં આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે અનામત રાખેલ રહેણાંક ફાઈનલ પ્લોટોમાં વર્ષ : ૨૦૧૮-૧૯ માં સરકારશ્રીના લક્ષ્યાંક હેઠળ ૨૫૦૦ ઈ.ડબલ્યુ.એસ- ૧ (ટાઈપ), ઈ.ડબલ્યુ.એસ (ટાઈપ) તથા BLC હેઠળ ૧૦૦૦ આવાસો બનાવવા તથા CLSS હેઠળ ૫૦૦૦ આવાસો માટે સબસીડી આપવા સુચના સરકારના પત્ર ધ્વારા પાઠવવામાં આવેલ છે. જે અંતર્ગત હાલમાં ત્રીજા તબક્કામાં EWS-I તથા EWS-II પ્રકારના ૨૧૮૨ આવાસોનું આયોજન કરી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરેલ છે. વધુમાં માન.અગ્રસચિવશ્રી, શ.વિ. અને શ.ગૃહ.નિ.વિભાગ ધ્વારા તા. ૧૫/૧૧/૨૦૧૮ ના પત્રથી મા.કમિશ્નરશ્રી વી.એમ.સી ને વધુ આવાસોનું આયોજન કરવા જણાવેલ છે. જેથી મા.અધ્યક્ષશ્રી ધ્વારા વુડા વિસ્તારમાં નવા ૧૦૦૦ આવાસોનું આયોજન કરવા માટે જણાવતા નવા ૧૦૦૦ આવાસો બનાવવા માટે વુડાની મંજુર ટી.પી.સ્કીમો ના ઈ.ડબલ્યુ.એસ આવાસના પ્લોટો પૈકી જમીનો નક્કી કરી, આર્કીટેકટ મારફત પ્લાનીંગ કરી, કન્સલટન્ટ મારફત ડી.પી.આર તૈયાર કરાવી સરકારશ્રી ની મંજુરી અર્થે પાઠવવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા કરવામાં આવી. તથા જે વિસ્તારમાં જરૂરીયાત હોય તે વિસ્તારમાં આવાસો બનાવવા EWS પ્લોટ નક્કી કરવા તથા આ પ્લોટ પર AHM એમ્પેનલ કન્સલટન્ટશ્રી/ આર્કિટેકટ ની નિમણુંક કરી નકશા તથા ડી.પી.આર. તૈયાર કરાવી સરકારમાં સદર કરવાની કાર્યવાહી કરવા સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક ( ૨૫૫૧ )** : પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૮-૧૯ માં વધુ ૧૦૦૦ આવાસો બનાવવા આવાસોની માંગવાળા વિસ્તારમાંથી જમીનો નક્કી કરી AHM એમ્પેનલ કન્સલટન્ટશ્રી/ આર્કિટેકટની નિમણુંક કરી નકશા તથા ડી.પી. આર તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની આગળની કાર્યવાહી કરવાની તમામ સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

મુદ્દા નંબર(૧૭) : વુડા વિસ્તારમાં મોજે ભાયલી ખાતે આવેલ નગર રચના યોજનામાં એલ.ઈ.ડી.સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા મોજે ભાયલી વિસ્તારમાં તબક્કાવાર કુલ પાંચ નગર રચના યોજનાઓ બનાવવામાં આવેલ છે. જયારે અન્ય એક નગર રચના યોજના આયોજન હેઠળ છે. વુડા ધ્વારા બનાવેલ પાંચ નગર રચનાઓ પૈકી ચાર નગર રચના યોજનાઓ ભાયલી ટી.પી.સ્કીમ નં. ૧, ૨, ૩ અને ૪ સરકારશ્રી ધ્વારા પ્રારંભીક/આખરી મંજુર કરેલ છે. જેમાં વુડા ધ્વારા અમલીકરણના ભાગરૂપે અરજદારોના ફાઈનલ પ્લોટના લેવડ દેવડની કામગીરી પુર્ણ કરેલ છે, ટી.પી.સ્કીમના રોડના પઝેશનો મેળવી કાર્પેટ રોડની કામગીરી પુર્ણ કરેલ છે તથા હાલમાં તેમાં ડ્રેનેજ લાઇનની કામગીરી પણ કરવામાં આવેલ છે. જયારે સરકારશ્રી ધ્વારા ડ્રાફટ સ્ટેજે મંજુર કરેલ નગર રચના યોજના નં.૫ માં ટી.પી.સ્કીમના રોડના પઝેશનો મેળવી તેમાં ડ્રેનેજ લાઈન તથા કાર્પેટ રોડની કામગીરી પ્રગતીમાં છે. ઝડપી ડેવલોપમેન્ટના કારણે પરંતુ સ્ટ્રીટ લાઈટના અભાવે આ વિસ્તારમાં ખુબજ મુશ્કેલીઓ પડે છે. સરપંચશ્રી, ભાયલી ગ્રામ પંચાયત તથા તેના સભ્યો ધ્વારા આ સુવિધાઓ આપવા માટે રજુઆત કરેલ તેમાં વુડા આ સુવિધાઓ ઉપલબ્ધ કરી આપે તો તેની ત્યારબાદ તેની નિભાવણી તથા લાઈટ બીલ ભરવાની તમામ જવાબદારી તેઓ લેવા તૈયાર હોય તથા અત્રેની કચેરીમાં રૂબરૂ થયેલ મીટીંગમાં પણ સંમતી આપેલ છે. ભાયલીમાં સ્ટ્રીટ લાઈટ પ્રોજેકટ તૈયાર કરવા માટે વુડાની હાલની પેનલના કન્સલટન્ટ મે. જયેશ એ. દલાલ ને કામગીરી સોંપવામાં વુડા બોર્ડ બેઠક નં. ૨૩૨ તા. ૧૦/૦૫/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક નં.૨૪૨૦ માં ઠરાવવામાં આવેલ. તે મુજબ જયેશ એ. દલાલ ધ્વારા રજુ કરેલ રૂ. ૧૧,૨૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા અગીયાર કરોડ વીસ લાખ પુરા) ના ખર્ચ નો ડી.પી.આર રજુ કરી વુડા બોર્ડ બેઠક નં.૨૩૩ તા. ૧૨/૦૯/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક નં.૨૪૪૪ થી થનાર ખર્ચને સૈધ્ધાંતિક મંજુરી આપેલ હતી. પરંતુ આ કામગીરી (EESL) એનર્જી એફીસીયન્ટ સર્વીસ લી. પાસે કરાવવા તથા તેઓ ન કરે તો વુડા ધ્વારા કરાવવા ઠરાવ થયેલ હતો. આ અંગે EESL નો સંપર્ક કરતા તેઓ ધ્વારા શહેરી વિસ્તારમાં આવી કામગીરી કરતા ન હોવાનું જણાવેલ હતુ ત્યારબાદ આ વિસ્તારમાં પુરેપુરો વિકાસ થયેલ ન હોઈ જરૂર જણાય ત્યાં જ કામગીરી કરાવી ખર્ચ ઓછો કરવા કન્સલટન્ટ પાસે ફકત વિકસીત વિસ્તાર પુરતો સર્વે કરાવી હાલના સમયમાં જરૂરીયાત હોય તેવા રસ્તાઓ પર જ સ્ટ્રીટ લાઈટનું આયોજન કરવા નવેસરથી ડી.પી.આર તૈયાર કરાવેલ છે. જેનો લગભગ રૂ. ૪,૦૧,૯૮,૮૯૫/- (અંકે રૂપિયા ચાર કરોડ એક લાખ અઠ્ઠાણું હજાર આઠસો પંચાણું પુરા) ખર્ચ થવા સંભવ છે. વુડા બોર્ડ બેઠક ૨૩૭ ના ઠરાવ ક્રમાંક નં. ૨૫૧૨ માં વુડા વિસ્તારમાં મોજે ભાયલીની નગર રચના યોજના નં. ૧ થી ૪ ના મુખ્ય રસ્તાઓ પર એલ.ઈ.ડી.સ્ટ્રીટ લાઈટની સુવિધા માટે થનાર ખર્ચ રૂ. ૪,૦૧,૯૮,૮૯૫/- સૈધ્ધાતિંક મંજુરી આપવા તથા આ કામગીરી સરકારશ્રી માર્ગ અને મકાન વિભાગના ઈલેક્ટ્રીક વિભાગ મારફત કરાવવા અને લાઈટના થાંભલા પર જાહેરાતના હક્કો વુડા પાસે અવિદિત રાખી ભાયલી ગ્રામ પંચાયતને મરામત અને જાળવણી માટે સોંપવાનું ઠરાવવામાં આવેલ હતું.

જે પરત્વે અત્રેથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, વડોદરા વિદ્યુત માXમ પેટા વિભાગ, ને સદર કમગીરી કરવા અંગે ડી.પી.આર મોકલી દરખાસ્ત કરેલ હતી. પરંતુ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, વડોદરા વિદ્યુત માXમ વિભાગ, ધ્વારા તા. ૨૬/૧૧/૨૦૧૮ ના પત્રથી વિષય દર્શિત કામગીરી ખુબજ બહોળા પ્રમાણમાં હોય તથા તેઓની કચેરી અંતર્ગત કામોનું ભારણ ખુબ વધારે હોવાથી વિષય દર્શિત કામગીરી તેઓ ધ્વારા કરી શકાય તેમ નથી એમ જણાવેલ છે. આથી આવી કામગીરી કરવા માટે વડોદરા મહાનગરપાલિકા ના સ્ટ્રીટ લાઈટ વિભાગ મારફત કરાવવા અથવા અન્ય રીતે કરાવવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વડોદરા મહાનગર પાલિકામાં અલગથી સ્ટ્રીટ લાઈટ વિભાગ હોઈ વુડા ધ્વારા કામગીરીના ખર્ચની ડીપોઝીટ જમા કરાવી વી.એમ.સી. દ્વારા કામગીરી કરાવવાથી વધુ સારી રીતે કામ થઈ શકે તેમ સર્વસભ્યશ્રીઓનું મંતવ્ય હતુ આથી તે પરત્વે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક ( ૨૫૫૨ )** : વુડા વિસ્તારમાં મોજે ભાયલી નગર રચના યોજના નં. ૧ થી ૪ ના મુખ્ય રસ્તાઓ પર રૂ. ૪.૦૧ કરોડના અંદાજીત ખર્ચની એલ.ઈ.ડી.સ્ટ્રીટ લાઈટની સુવિધાની કામગીરી વડોદરા મહાનગર પાલિકા મારફત કરાવવા અંગે વી.એમ.સી. ને દરખાસ્ત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

મુદ્દા નંબર (૧૮) : **મોજે કોયલી તથા ઉંડેરા વિલેજ એક્ષ્ટેન્શન વિસ્તારમાં આવતી જમીનોમાં સુચિત નગર રચના યોજનાઓ માટે અધિનિયમની કલમ -૪૧(૧) હેઠળ પરામર્શ મેળવવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ મોજે કોયલી (ઓ.જી.) ની સેન્સસ – ૨૦૦૧ મુજબ પોપ્યુલેશન (વસ્તી) ૧૩૨૪૯ તથા ઉંડેરા ગામની સેન્સસ – ૨૦૦૧ મુજબ (વસ્તી) ૧૬૦૬૧ છે. તથા મોજે કોયલી ગામ ની સેન્સસ – ૨૦૧૧ મુજબ પોપ્યુલેશન (વસ્તી) ૧૦૬૯૧ તથા ઉંડેરા ગામની સેન્સસ – ૨૦૧૧ મુજબ (વસ્તી) ૧૬૯૦૨ છે. વુડાના મંજુર અમલી જનરલ ડેવલોપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન મુજબ ગામની વસ્તી ૫૦૦૦ થી વધુ હોયતો ગામતળ થી ૬૦૦ મીટર વિસ્તારમાં ખેતીવાડી ઝોન માં રહેણાંક ઝોન-આર-૧ મુજબ એફ.એસ.આઈ. ૧.૮ ની મર્યાદામાં રહેણાંકના હેતુ માટે વિકાસ પરવાનગી આપવાની જોગવાઈ છે. સદર વિસ્તારોમાં વિકાસની પ્રક્રિયા ઝડપથી થાય તેમ છે. આથી આ વિસ્તારોમાં સુઆયોજીત વિકાસથાય તે માટે સુચિત નગર રચના યોજનાઓ બનાવવાનુ વિચારેલ છે. જેમાં સુચિત નગર રચના યોજના કોયલીનો વિસ્તાર લગભગ ૨૦૯.૦૦ હેકટર, તથા સુચિત નગર રચના યોજના ઉંડેરાનો લગભગ ૧૪૩.૦૦ હેક્ટર, જેટલો થાય છે. આ વિસ્તારની જમીનોની માપણી ખાનગી એજન્સી મારફતે કરાવી ડી.આઈ.એલ.આર.શ્રી દ્વારા પ્રમાણીત કરાવવાની કામગીરી હાથ ધરેલ છે. આથી સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાઓની હદ વિસ્તાર નક્કી કરવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ -૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજ્યનો પારામર્શ મેળવી આ નગર રચના યોજનાઓનો ઈરાદો જાહેર કરવાનો થાય, દરમ્યાનમાંઆ વિસ્તારમાં નવીન વિકાસ પરવાનગીઓ પણ સ્થગીત કરવે ઉંચીત રહે આથી સુચિત નગર રચના યોજનાઓનો હદ વિસ્તાર નક્કી કરવા અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ મુખ્યનગર નિયોજકશ્રી ગુજરાત રાજ્યનો પરામર્શ મેળવવા તથા હાલ આ વિસ્તારોમાં વિકાસ પરવાનગીઓ સ્થગિત કરવા અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક ( ૨૫૫૩ ) મોજે કોયલી તથા ઉંડેરા ગામની વિલેજ એક્ષ્ટેન્શન વિસ્તાર (ગામતળની હદથી ૬૦૦ મી) માં આવતી ખેતીવાડી ઝોનમાં આવતી તથા ખેતીવાડી ઝોનને સંલગ્ન રહેણાંક ઝોનની જમીનોમાં સૂચિત નગર રચના યોજના નં.૪૨ (કોયલી) તથા સૂચિત નગર રચના યોજના નં.૪૩ (ઉંડેરા) બનાવવા માટે રજુ કરેલ હદ વિસ્તારને સર્વાનુમતે નક્કી કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ – ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજ્ય ગાંધીનગરનો પરામર્શ મેળવવા અંગેની દરખાસ્ત પાઠવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું, આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

મુદ્દા નંબર (૧૯) : મોજે બાપોદ, અણખોલ, ખટંબા, હનુમંતપુરા, ખાતે સુચિત નગર રચના યોજના નં.૨૫ (સ્પેશીયલ નોડ-૨ ટેકનોલોજી પાર્ક) અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે બાપોદ, અણખોલ, ખટંબા, હનુમંતપુરા ગામોના રેવન્યુ વિસ્તારમાં ગુલાબી- તુટક લીટીથી દર્શાવ્યા મુજબની હદ અંગેના પરામર્શની દરખાસ્ત તા.૨૭/૧૧/૨૦૧૭ ના રોજ મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીને પાઠવતા તેઓશ્રીની કચેરી દ્વારા તા.૧૨/૧૨/૨૦૧૭ ના પત્રથી અધિનિયમની કલમ-૪૧ ની પેટા કલમ-૧ હેઠળ હદ પરામર્શ આપવામાં આવેલ હતો. મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૫ (ટેકનોલોજી પાર્ક) તૈયાર કરવાના કામે વુડાની તા.૦૧/૦૨/૨૦૧૮ ની બોર્ડ બેઠક નં.૨૩૫ માં મુદ્દો લઇ પરત્વે ઠરાવ ક્રમાંક ૨૪૭૩ થી ઇરાદો જાહેર કરવા અંગે ઠરાવ થયેલ છે. તદ્દનુસાર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ યોજનાનો ઇરાદો તા.૦૧/૦૨/૨૦૧૮ ના રોજ જાહેર કરવામાં આવેલ. જેની પ્રસિધ્ધિ તા.૦૬/૦૨/૨૦૧૮ ના રોજ સરકારી રાજ્ય પત્રના પાન નં.૧૪-૧૫ ઉપર કરવામાં આવેલ તથા સ્થાનિક દૈનિક વર્તમાન પત્રો દિવ્ય ભાસ્કરમાં તા.૦૭/૦૨/૨૦૧૮ના પાન નં.૧૭ ઉપર તથા સંદેશમાં તા.૦૭/૦૨/૨૦૧૮ ના પાનાનં.૧૩ ઉપર તથા જાહેર સ્થળોએ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદર ઇરાદાની જાણ સરકારશ્રીમાં તા.૦૯/૦૨/૨૦૧૮, પત્ર નં.યુડીએ/પ્લાન-૦૪/૪૧/૨૦૧૮ થી અધિક મુખ્ય સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને પણ કરાયેલ. આમ ઇરાદો જાહેર કરવાની તમામ કાર્યવાહી પુર્ણ કરેલ છે. ત્યારબાદ ઉકત અધિનિયમ તથા તે તળેના નિયમો ૧૯૭૯ ના નિયમ નં.૧૭ પ્રમાણે યોજનાનો મુસદ્દો તૈયાર કરી તેની સમજુતી મેળવવા અંગે એક જાહેર સભા વુડા ભવન (વુડા) ખાતે તા.૧૮/૦૯/૨૦૧૮ ના રોજ રાખવામાં આવેલ. જે અંગે યોજના વિસ્તારના લોકોને વ્યક્તિગત નોટીસ આપવામાં આવેલ. અને સદર મીટીંગની બહોળી પ્રસિધ્ધીના કામે સ્થાનીક વર્તમાન પત્રોમાં "જાહેર નોટીસ" પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. ત્યારબાદ અધિનિયમની કલમ-૪૨ તથા નિયમ-૧૮ હેઠળ પ્રસિધ્ધ કરેલ મુસદ્દા પરત્વે વાંધા સુચનો મેળવવા અંગે અધિસુચન સરકારી રાજય પત્રમાં, સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં તથા જાહેર સ્થળોએ, સંબંધિત કચેરીઓમાં પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. અધિનિયમ-૧૯૭૬ તથા તે તળેના નિયમો -૧૯૭૯ ના નિયમ ૧૮ મુજબ અધિસુચન તા.૧૯-૦૯-૨૦૧૮ ના રોજ ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ છે. પ્રસિધ્ધ થયાના એક માસની મુદતમાં આવેલ વાંધા સુચનો ધ્યાને લેવાના થાય. એક માસના સમય ગાળામાં ૭૪ વાંધા રજુ થયેલ છે. અને સમય મર્યાદા બહારના ૦૮ વાંધા આજદિન સુધીમાં રજુ થયેલ છે. સમય મર્યાદામાં તથા સમય મર્યાદા બહાર આવેલ કુલ ૮૨ વાંધાઓની ચકાસણી કરી તારીજ તૈયાર કરાયેલ છે. જે આ સાથે પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. સદર વાંધા સુચનો પરત્વે કાયદાની કલમ-૪૭ અન્વયે નિર્ણય લેવા તથા તે નિર્ણયોનો સમાવેશ કરી સદર મુસદ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮ (૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક ( ૨૫૫૪ ) મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૫ (સ્પેશીયલ નોડ-૨ ટેકનોલોજી પાર્ક) મુસદ્દો ગેઝેટમાં પ્રસિધ્ધ કર્યા તા.૧૯-૦૯-૨૦૧૮ થી એક માસની સમય મર્યાદામાં – ૭૪ અરજી તથા સમય મર્યાદા બાદ ૦૮ અરજી મળી કુલ ૮૨ વાંધા અરજી સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની રજુઆતો પૈકી કુલ-૪૪ અરજીઓની રજુઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની ૩૮ અરજીઓની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ, યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

મુદ્દા નંબર (૨૦) : મોજે વડસરના રે.સ.નં.૭૫૮ પૈ ૭૨૨૮ ચો.મી. વાળી જમીન પ્રતિબંધિત વિસ્તાર-૧ માંથી રહેણાંક ઝોન(આર-૧)માં ઝોનફેર કરવા બાબતે અરજદારશ્રી પટેલ નેહાબેન કિરીટભાઈની રજુઆત અરજી ના અનુસંધાને મંજુર+અમલી વિકાસ યોજનામાં ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનીયમ ૧૯૭૬ ની કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા સારૂ સરકારશ્રીમાં દરખાસ્ત કરવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિકાસ યોજના પૈકીના વડોદરા મહાનગર સેવા સદનના હદ વિસ્તારમાં સ્થિત થતી મોજે-વડસર તા.જી.વડોદરાના રે.સ. નં.-૭૫૮/પૈકીની વિશ્વામિત્રી નદીને લાગુ સ્થિત થતી ૭૨૨૮ ચો.મી. જમીનને પ્રતિબંધિત વિસ્તાર-૧ માંથી મુક્ત કરીને લાગુ રહેણાંક ઝોન-૧ માં ઝોનફેર કરવા સારૂ અત્રેની કચેરીને તા. ૦૪/૦૯/૨૦૧૮ ના રોજ બિડાણો સાથે રજુઆત અરજી પાઠવેલ છે. જેની નકલ આ સાથે પરિશિષ્ટ-૧ તરીકે સામેલ રાખેલ છે.

નગર આયોજન અને મુલ્યાંકન ખાતાના તા.૨૨/૦૫/૨૦૧૭ ના પત્રથી તેમની કચેરીમાં મોજે વડસર, રે.સ.નં.૭૫૮ પૈકી ગ્રીનબેલ્ટમાં આવતા જમીનને આર-૧ ઝોનમાં સમાવિષ્ટ કરવા આવેલ અરજી પરત્વે અત્રેની કચેરીનો અભિપ્રાય પાઠવી આપવા જણાવેલ. સદર જમીન બ્લોક નં. ૭૫૯ વાળી જમીન કે જે અંગે ઝોન ફેરફાર માટે ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનીયમ ૧૯૭૬ ની કલમ -૧૯ હેઠળ દરખાસ્ત પાઠવવામાં આવેલ, ને અડીને હોઈ અત્રેની કચેરીએથી તા.૦૫/૦૬/૨૦૧૭ ના પત્રથી મોજે વડસર રે.સ.નં.૭૫૮ વાળી જમીનને પ્રતિબંધિત ઝોન-૧ માંથી રહેણાંક ઝોન-૧ માં સમાવિષ્ટ કરવા દરખાસ્ત કરેલ. જે પરત્વે સરકારશ્રી દ્વારા તા.૦૩/૦૮/૨૦૧૭ ના પત્રથી ૭૫૮/પૈકી ની જમીન માટે ઝોનફેર કરવા વુડા બોર્ડ બેઠકમાં ઠરાવ થયેલ નથી તે કારણસર પરત કરેલ છે.

વધુમાં સદર જમીન વડોદરા મહાનગર સેવા સદન વિસ્તારમાં આવતી હોઈ, ઉક્ત અરજી પરત્વે કરવાના થતા ઝોનફેર બાબતે અભિપ્રાય આપવા અત્રેની કચેરીનાં તા.૨૨/૧૦/૨૦૧૮ અને તા.૦૧/૧૨/૨૦૧૮ ના પત્રથી જણાવેલ હતુ. જે અંગે અત્રેની કચેરીને આજદિન સુધી અભિપ્રાય મળેલ નથી. આ કિસ્સામાં મોજે વડસર તા.જી. વડોદરાના રે.સ.નં. ૭૫૮/પૈ ની ૭૨૨૮.૦૦ ચો.મી. જમીન પ્રતિબંધિત ઝોન-૧ માંથી રહેણાંક ઝોન (આર-૧) માં ઝોનફેર કરવા બાબત નો મુદ્દો વુડાની બોર્ડ બેઠકમાં સર્વ સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબનું ઠરાવવામાં આવ્યું.

**<u>ઠરાવ ક્રમાંક( ૨૫૫૫ ):</u>**મોજે વડસરનારે.સ. નં. ૭૫૮ પૈ, ૭૨૨૮ ચો.મી. વાળી જમીન વડોદરા મહાનગર સેવા સદન વિસ્તારમાં આવતી હોઈ, ઝોનફેરની દરખાસ્ત સંદર્ભે વડોદરા મહાનગર સેવાસદનનો અભિપ્રાય મેળવવો જરૂરી હોઈ, ઝોનફેરની દરખાસ્ત સંદર્ભે અત્રેની કચેરીએથી વડોદરા મહાનગર સેવા સદનને તા.૨૨/૧૦/૨૦૧૮ અને તા.૦૧/૧૨/૨૦૧૮ ના પત્રથી ઝોનફેર અંગે અભિપ્રાય પાઠવી આપવા જણાવેલ, જે પરત્વે વડોદરા મહાનગર સેવા સદન દ્વારા તા.૧૪/૧૨/૨૦૧૮ ના પત્રથી " મોજે વડસરના સ.નં. ૭૫૮/પૈકી, નો સમાવેશ "ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ વિશ્વામિત્રી નદી ફેઝ-3" માં થાય છે અને તે અંગે "મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગર ગુજરાત રાજ્ય" નો અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ હદ પરામર્શ મેળવવા જાણ કરેલ છે. યદ્યપિ પરામર્શ આવેલ નથી " જે મુજબ જાણ કરાયેલ હોઈ, હાલમાં સદર જમીનની ઝોનફેરની દરખાસ્ત મુલત્વી રાખવાનુ ઠરાવવામાં આવ્યુ.

મુદ્દા નંબર (૨૧) : ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનીયમ ૧૯૭૬ ની કલમ-૨૧ ની જોગવાઈ અનુસાર વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની પુનરાવર્તિત વિકાસ યોજના તૈયાર કરવા બાબત.

**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની રચના થયા બાદ વુડાની અત્યાર સુધીની વિકાસ યોજનાની વિગતો નીચે મુજબ છે.**

| અનું નં. | વિકાસ યોજનાની વિગત | સરકારશ્રીમાં અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૬ હેઠળ સાદર કર્યા તારીખ | સરકારશ્રીમાં અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૭ હેઠળ મંજુર કરાયા તારીખ |
|---|---|---|---|
| ૧ | વિકાસ યોજના | ૦૪/૦૭/૧૯૮૦ | ૨૫/૦૧/૧૯૮૪ |
| ૨ | પ્રથમ પુનરાવર્તિત વિકાસ યોજના | ૧૧/૧૧/૧૯૯૩ | ૨૫/૧૦/૧૯૯૬ |
| ૩ | દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના | ૨૩/૧૧/૨૦૦૬ | ૧૮/૦૧/૨૦૧૨ |

**ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ (હવે પછી અધિનિયમ-૧૯૭૬ તરીકે વાંચવું) ની કલમ-૧૭ હેઠળ મંજુર કરાયેલ અને અત્યારે હાલમાં અમલી દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના વર્ષ-૨૦૦૦ ના વસ્તી ગણતરીની વિગતો તથા વુડા વિસ્તારમાં આવતી સંલગ્ન સંસ્થાઓ/કચેરીઓ પાસેથી મેળવેલ વિગતોના આધારે તૈયાર કરી તા.૨૩/૧૧/૨૦૦૬ ના રોજ સરકારશ્રીમાં સાદર કરેલ હતી. આમ પ્રવર્તમાન વિકાસ યોજના તૈયાર કરતા સમયે ઉપયોગમાં લેવામાં આવેલ વિગતોને હાલના સમયે ૧૦ વર્ષ કરતા પણ વધારે સમય થયેલ હોઇ તથા વુડાની વિકાસ યોજના તૈયાર થયા બાદ ઔડા, સુડા, રૂડા, અવકુડા, બાઙ્ઞ વિગેરે ઓથોરીટીઓ દ્વારા વિકાસ યોજનાઓ તૈયાર થયેલ હોવાથી, તેઓ દ્વારા અદ્યતન કાયદાઓ તથા વિનિયમોના ઉપયોગોની સરખામણીમાં વુડાની ઝોનીંગ પેટર્ન તેમજ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ (ઇo) અંતર્ગત તથા સરકારશ્રી દ્વારા અમલી નવા સર્વગ્રાહી સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમો (Comprehensive General Development Control Regulation) પરત્વેની જોગવાઇઓના કારણોસર તથા જમીનની કિંમતો વધતી હોવાથી પણ ઝોન ફેરફાર માટે અવારનવાર વિવિધ જમીનમાલિકો/કબ્જેદારો/ ડેવલોપર્સ દ્વારા રજુઆતો થતી રહે છે. આ સંજોગોમાં વુડા દ્વારા તૈયાર કરાયેલ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના તૈયાર કર્યાને દશ વર્ષ ઉપરાંતનો સમય થયેલ હોવાથી તથા અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૧ મુજબ વિકાસ યોજના મંજુર થયા તારીખથી દશ વર્ષમાં પુનરાવર્તિત કરવાની બાબતે વુડાની ૨૩૦મી બોર્ડ બેઠકમાં તૃતીય પુનરાવર્તિત વિકાસ યોજના તૈયાર કરવાની કાયદાકીય કાર્યવાહીની શરૂઆત કરતા અગાઉ સર્વ પ્રથમ વુડા વિસ્તારનો હયાત લેન્ડ યુઝ સર્વે કરાવવા તથા વિવિધ સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓ પાસેથી અધ્યતન વિગતો મેળવવાની કામગીરી કરવા તથા આ કામગીરી માટે એજન્સી નક્કી કરી કામગીરી સોંપવાનું સર્વાનુમતે ઠરાવ ક્રમાંક ૨૩૯૦ થી ઠરાવવામાં આવેલ હતુ. જેથી હાલના તબક્કે વુડા વિસ્તારની હયાત લેન્ડ યુઝ સર્વેની કામગીરી પૂર્ણ થવામાં હોવાથી અને અન્ય આનુસાંગિક જરૂરી અદ્યતન વિગતો મેળવવાની કાર્યવાહી આખરી તબક્કામાં છે.**

**ઉકત વિગતો ધ્યાને લઇ વુડાની પ્રવર્તમાન વિકાસ યોજના અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૧ મુજબ તૃતીયવાર પુનરાવર્તિત કરવાની બાબત વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબનું ઠરાવવામાં આવ્યું.**

ઠરાવ ક્રમાંક (૨૫૫૬): **ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૧ ની જોગવાઇ અનુસાર વુડાની મંજુર અમલી પુનરાવર્તિત વિકાસ યોજના તૃતીય પુનરાવર્તિત કરવા અન્વયે ૨૩૦ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૨૩૯૦ થી ઠરાવ્યા મુજબ વુડાના લેન્ડયુઝ સર્વેની કામગીરી પૂર્ણ થવામાં હોવાથી તથા અન્ય આનુસાંગિક જરૂરી અદ્યતન વિગતો મેળવવાની કાર્યવાહી આખરી તબક્કામાં હોઇ વુડાની પ્રવર્તમાન વિકાસ યોજના અધિનિયમની કલમ-૨૧ હેઠળ તૃતીય પુનરાવર્તિત કરવાનુ ઠરાવવામાં આવ્યુ તેમજ સદર કામગીરીની સમયાંતરે સમીક્ષા કરવા માટે કમિટી રચવાનું ઠરાવવામાં આવ્યું. કમિટીના સભ્યોની વરણી કરવાની સત્તા માનનીય અધ્યક્ષશ્રી, વુડાને સોંપવાનુ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

મુદ્દા નંબર (૨૨) : વુડાની દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજનામાં દર્શાવેલ ડેડીકેટ ફ્રેઈટ કોરીડોર અંતર્ગત લોજીસ્ટીક પાર્ક તથા રેલ્વે કોલોનીનો ઝોન રદ કરી દ્વિતીય લાગુઝોનમાં ફેરફાર કરવા બાબત.

વુડાની મંજુર અને અમલી દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના મુજબ મોજે જામ્બુવા અને મારેઠામાં ડેડીક્રેટેડ ફ્રેઈટ કોરીડોર પ્રોજેક્ટ અંતર્ગત લોજીસ્ટીક પાર્ક માટે તથા મોજે સેવાસી અને મહાપુરામાં રેલ્વે કોલોની તરીકે રેલ્વેના ઝોનમાં જમીનો દર્શાવેલ છે. આ જમીનો રેલ્વે ધ્વારા સંપાદન થનાર ન હોઈ અસરગ્રસ્ત ખેડુતોની રજુઆત પરત્વે વુડાની ૨૨૦મી બોર્ડ બેઠકમાં ઠરાવ ક્રમાંક :૨૧૭૨ થી લાગુ ઝોનમાં ઝોનફેર કરવા ઠરાવ થયેલ હતો તથા કાયદાની કલમ -૧૯ હેઠળ વિકાસ યોજનામાં સુધારો કરવા તા.૦૩/૧૨/૨૦૧૩ ના પત્રથી સરકારશ્રીમાં દરખાસ્ત કરેલ હતી. જે અન્વયે સરકારશ્રી ધ્વારા લોજીસ્ટીક પાર્કની તેમજ આજુ-બાજુની પ્રતિબંધતિ ઝોનની જમીનોનો કંટુર સર્વે કરાવી ડુબમાં જતી જમીન અલગ કરી તે સિવાયની જમીનનો ટી.પી. સ્કીમમાં સમાવેશ કરી સંકલીત નગર રચના યોજના બનાવી લોજીસ્ટીક પાર્ક દર્શાવેલ કેટલી જમીન રહેણાંક ઝોનમાં મુકવી તથા કેટલી પ્રતિબંધીત ઝોનમાં મુકવી તે નક્કી કરી, સ્પષ્ટ દરખાસ્ત તૈયાર કરવા તથા રેલ્વે કોલોનીના કિસ્સામાં ડી.એફ.સી. સાથે ફરીથી પરામર્શ કર્યા બાદ સ્પષ્ટ અભિપ્રાય સહ દરખાસ્ત કરવા જણાવેલ હતુ.

સદર બાબતે મોજે જામ્બુવાની લોજીસ્ટીક પાર્કમાં દર્શાવેલ જમીનો વડોદરા મહાનગર વિસ્તારમાં આવેલ છે તથા મહાનગર સેવાસદન ધ્વારા આ ભાગને નગર રચના યોજનામાં સમાવી અલગથી ફાઈનલ પ્લોટ ફાળવવામાં આવેલ છે. મોજે મારેઠામાં લોજીસ્ટીક પાર્ક દર્શાવેલ જમીનો વુડા વિસ્તારની છે. આથી વુડા ધ્વારા મારેઠાની જમીનોમાં નગર રચના યોજના બનાવવામાં આવશે ત્યારે પ્રતિબંધિત ઝોનની જમીનોને રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ સ્કીમ ઓપન સ્પેશ માટે અનામત દર્શાવી જે તે જમીન ધારકોને અન્યત્ર ફાઈનલ પ્લોટ ફાળવવામાં આવે તે રીતે આયોજન કરવામાં આવશે તેમ વિચારી અત્રેથી કાયદાની કલમ-૧૯ હેઠળ વિકાસ યોજનામાં ઝોનફેર કરી સુધારો કરવા સરકારશ્રીમાં અગાઉ કરેલ દરખાસ્તે મંજુરી આપવા પુન: રજુઆત કરવાની બાબતે વુડાની ૨૨૪મી બોર્ડ બેઠક ના ઠરાવ ક્રમાંક ૨૨૫૫ માં ડેડીકેટેડ ફ્રેડ કોરીડોર અંતર્ગત લોજીસ્ટીક પાર્કમાં દર્શાવેલ મોજે જાંમ્બુવા તથા મારેઠાની જમીનો પૈકી રહેણાંક ઝોન (આર-૧) માં સુચિત કરેલ જમીનોમાં ઝોન ફેર કરવામાં વાંધા જનક ન હોઈ સરકારશ્રીમાં પુન: રજુઆત કરીએ તથા તે સિવાયની બાકીની પ્રતિબંધિત ઝોન સુચિત કરેલ જમીન નદી કીનારાની હોઈ. આ જમીનો તથા તેની આજુ બાજુની જમીનોનો કંટુર સર્વે કરાવી સિંચાઈ વિભાગનો અભિપ્રાય મેળવી ચોમાસા દરમ્યાન ડુબમાં જતો વિસ્તાર નક્કી કરી તે આધારે ઝોન ફેરની દરખાસ્ત આગામી બોર્ડમાં રજુ કરવા ઠરાવવામાં આવ્યુ હતુ.

વુડાની ૨૨૪ની બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક: ૨૨૫૫ ને ધ્યાને લઈ અત્રેની કચેરીના તા.૦૬/૦૭/૨૦૧૫ ના પત્રથી સરકારશ્રીમાં મોજે મારેઠા તથા જામ્બુવામાં લોજીસ્ટીક પાર્કમાં દર્શાવેલ જમીનો પૈકી રહેણાંક ઝોન-૧ માં ઝોનફેર માટે સુચિત કરેલ જમીનોને કાયદાની કલમ -૧૯ હેઠળ ફેરફાર કરવા પુન: દરખાસ્ત કરવામાં આવેલ અને તે સિવાયની પ્રતિબંધીત ઝોન-૨ માં દર્શાવેલ જમીનોનો કંટુર સર્વે કરાવી સિંચાઈ વિભાગમાં અભિપ્રાય મેળવી ડુબમાં જતી જમીન નક્કી કરી વુડા બોર્ડના ઠરાવ સહ અલગથી ઝોન ફેરની દરખાસ્ત પાઠવવામાં આવશે તેમ જણાવેલ હતુ. જે પરત્વે નગર આયોજન અને મુલ્યાંકન ખાતા ધ્વારા તા.૦૪/૧૨/૨૦૧૫ ના પત્રથી બોર્ડ બેઠક નં.૨૨૪ ના ઠરાવ નં. ૨૨૫૫ પરત્વે કલમ-૧૯ની હેઠળની દરખાસ્તને વિભાજીત ન કરતા સંકલીત દરખાસ્ત બોર્ડ બેઠક સમક્ષ રજુ કરી તદનુસારની દરખાસ્ત સરકારશ્રીને પાઠવી આપવા જણાવેલ હતુ.

હાલમાં પ્રવર્તમાન વિકાસ યોજનાને પુનરાવર્તિત કરવાની કામગીરી ચાલુ હોઈ મોજે મારેઠા અને જામ્બુવામાં માત્ર લોજીસ્ટીક પાર્કમાં દર્શાવેલ જમીનો પૈકી રહેણાંક ઝોન -૧ માં ઝોનફેર માટે સુચિત કરેલ જમીનોને કાયદાની કલમ -૧૯ હેઠળ ફેરફાર કરવા પુન: દરખાસ્ત કરવા તથા તે સિવાયની પ્રતિબંધિત ઝોન-૨માં દર્શાવેલ જમીનોના ઝોનફેર બાબત વિકાસ યોજના પુનરાવર્તિત કરતા સમયે વિગતવાર અભ્યાસ કરી ધ્યાને લેવામાં આવે તે બાબત વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક (૨૫૫૭): વુડાની મંજુર અને અમલી દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજનામાં સમાવિષ્ટ મોજે મારેઠા અને જામ્બુવાની લોજીસ્ટીક પાર્કમાં દર્શાવેલ જમીનો પૈકી રહેણાંક ઝોન -૧ માં ઝોનફેર માટે તા.૦૬/૦૭/૨૦૧૫ ના રોજ વુડા દ્વારા કરાયેલ દરખાસ્ત પરત્વે મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી દ્વારા સંકલિત દરખાસ્ત કરવા સારૂ જણાવેલ છે. પરંતુ સંકલિત દરખાસ્ત તૈયાર કરવામાં સમય વ્યતિત થાય તેમ હોવાથી અને સંલગ્ન જમીન માલિકો દ્વારા વારંવાર રજુઆત સંદર્ભે જાહેરહિતમાં અગાઉ પાઠવેલ દરખાસ્ત પરત્વે ફેરવિચારણા કરવા માટે મુખ્ય નગર નિયોજકશ્રીને જણાવવા તથા તૃતીય પુનરાવર્તિત વિકાસ યોજના બનાવવા ઠરાવેલ છે. તેની પણ જાણ કરવા વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ દ્વારા ઠરાવવામાં આવ્યું.

અધ્યક્ષ સ્થાનેથી

મુદ્દા નંબર ( ૦૧ ) : **વુડા વિસ્તારની નગર રચના યોજનાઓની ડીમાર્કેશનની કામગીરી ખાનગી એજન્સી મારફતે કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારની સરકારશ્રી દ્વારા મંજુર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ (૧) સમા-દુમાડ-વેમાલી નં.૨, (૨) સમીયાલા-બીલ-ભાયલી નં.૫, (૩) અંકોડીયા નં.૧, (૪) ગોરવા-અંકોડીયા નં.૧, (૫) પાદરાનં.૨ (પ્રથમ ફેરફાર), (૬) સેવાસી નં.૩ આમ કુલ-૬ (છ) યોજનાઓ નગર રચના અધિકારીશ્રી પાસે અંતિમ કરવાની કાર્યવાહી હેઠળ છે. તથા અત્રેથી સરકારશ્રીની મંજુરી અર્થે સાદર કરેલ મુસદ્દારૂપ યોજનાઓ, સાદર કરવાની થતી મુસદ્દારૂપ નગર રચનાઓ સરકારશ્રી દ્વારા મંજુર કર્યેથી સદર યોજનાઓની અંતિમ કરવાની કામગીરી નગર રચના અધિકારીશ્રી દ્વારા કરવાની થનાર છે. સદર નગર રચના યોજનાઓના રોડ/રસ્તા તથા અંતિમખંડોના ડીમાર્કેશનની કામગીરી તેને સંલગ્ન જરૂમરી સાહિત્ય તૈયાર કરવા માટે તથા તે બાબતે નિમતાણું મેળવવાની કાર્યવાહી કરાવવા ખાનગી એજન્સીઓની નિમણુંક કરવા ટેન્ડરથી ભાવો મંગાવવા બાબતે વુડા બોર્ડ બેઠક નં.૨૩૭ ઠરાવ નં.(૨૫૨૪) થી ઠરાવવામાં આવેલ છે. પરંતુ ટેન્ડરોથી ભાવો મંગાવી ખાનગી સર્વે એજન્સીને ડિમાર્કેશનની કામગીરી સોંપવાની પ્રક્રિયામાં ખુબજ સમય વ્યથિત થાય તેમ હોઇ વડોદરા મહાનગર સેવા સદન દ્વારા જે ભાવે એજન્સીઓ પાસેથી ડિમાર્કેશનની કામગીરી કરાવવામાં આવે છે તે ભાવે નિમણુંક પામેલ એજન્સીઓ પૈકીની એજન્સી પાસે વુડા વિસ્તારની નગર રચના યોજનાની ડિમાર્કેશનની કામગીરી સોંપવા અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક ( ૨૫૫૮ ) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારની નગર રચના યોજનાઓને અંતિમ કરવાની કામગીરીના ભાગરૂપે નગર રચના અધિકારીશ્રીને નગર રચના યોજનાઓના રોડ/ રસ્તા તથા અંતિમખંડોના ડીમાર્કેશનની કામગીરી તથા તેને સલંગ્ન જરૂરી સાહિત્ય તૈયાર કરવા માટે તથા નિમતાણું મેળવવાની કાર્યવાહી માટે એજન્સીની જરૂરિયાત હોય વડોદરા મહાનગર સેવા સદન દ્વારા જે ભાવો અને શરતોએ ખાનગી સર્વે એજન્સી મારફતે કરાવવામાં આવે છે. તે ભાવો અને તે શરતોએ કરાવવા વિગતો મંગાવી અને આગળની તમામ કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

અધ્યક્ષ સ્થાનેથી

મુદ્દા નં. (૦૨ ): મોજે સમાની નગર રચના યોજના સમા-દુમાડ-વેમાલી નં-૨ માં વડોદરા મહાનગર પાલિકાની હદ પર ૧૮ મીટરનો રસ્તો બનાવવા બાબત.

મુસદ્દારૂપ મંજુર નગરરચના યોજના સમા-દુમાડ-વેમાલી નં-૨ માં અગાઉ રસ્તા બનાવવા માટે ટેન્ડર પ્રક્રિયાથી ઈજારદારશ્રીને વર્ક ઓર્ડર આપેલ હતો. જેમાં અમુક રસ્તાઓ ટી.પી. સ્કીમમાં ફેરફાર થવાની શક્યતા હોવાથી તથા અમુક રસ્તા વુડા અને વી.એમ.સી.ની બાઉન્ડ્રી પર હદમાપણી તથા દબાણોને કારણે બનાવવાના બાકી રાખી કામગીરી પુર્ણ કરેલ છે. તાજેતરમાં વડોદરા મહાનગર પાલિકા તથા વુડાના અધિકારીશ્રીઓ દ્વારા વડોદરા બ્રાંચ કેનાલથી ખોડિયાર નગર સોસાયટી વાળા રસ્તાની સંયુક્ત મુલાકાત લઈ રસ્તાનાં વી.એમ.સી. તરફનાં દબાણો તથા વુડા તરફનાં દબાણોને સંયુક્ત રીતે દૂર કરી રસ્તાની કામગીરી કરવામાં આવે તો સરળતા રહે તેમ હોવાનું નક્કી થયેલ હતું. આથી વી.એમ.સી. તરફનાં દબાણો માટે વી.એમ.સી. દ્વારા માપણી કરી નોટિસો આપેલ છે. તથા વુડા તરફના દબાણો માટે વુડા દ્વારા માપણી કરી નોટિસો આપેલ છે. આથી દબાણો હટાવવાની કામગીરી બાદ લગભગ ૭૫૦ મીટર લંબાઈનાં રસ્તાની કામગીરી સંયુક્ત રીતે કરવાની થાય છે આથી આ રસ્તાની કામગીરી કરવા વિગતવાર ચર્ચા કરવામાં આવી. જેમાં આ રસ્તો વુડા અને વી.એમ. સી. દ્વારા ભાગીદારીથી બનાવવા તથા આ કામગીરી વી.એમ.સી. દ્વારા કરી થનાર ખર્ચ પેટે ૫૦% ખર્ચ વુડા દ્વારા ભોગવવામાં આવે તેમ સર્વ સંમતિથી નક્કી થયેલ હતું. આથી આ રસ્તો બનાવવા માટે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક ( ૨૫૫૯ ): મોજે સમાની છાણીની જમીનોને લાગુ મુસદ્દારૂપ મંજુર નગર રચના યોજના નં-૨ માં હદ પર દર્શાવેલ ૧૮ મીટર નાં રસ્તાના દબાણો વુડા તથા વી.એમ.સી. દ્વારા સંયુક્ત રીતે દુર કરી લગભગ ૭૫૦ મીટર નો આ રસ્તો ભાગીદારીથી વી.એમ.સી. મારફત બનાવવા તથા વી.એમ.સી. દ્વારા થનાર ખર્ચની ૫૦% રકમ વુડા દ્વારા વી.એમ.સી.માં જમા કરાવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

અંતમાં હાજર રહેલ સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

**સભ્ય-સચિવ**
**વ**
**મુખ્ય કારોબારી અધિકારી**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા**

**અધ્યક્ષ**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા.**